એકમ–9

# રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માહિતી સંગઠનો
# (NATIONAL AND INTERNATIONAL INFORMATION ORGANISATIONS)

: રૂપરેખા :


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 રાષ્ટ્રીય માહિતી સંગઠનો

- 9.2.1 National Institute of Science Communication and Information Resources (NISCAIR)
- 9.2.2 National Social Science Documentation Centre (NASSDOC)
- 9.2.3 Defence Scientific Information and Documantation Centre (DESIDOC)

9.3 આંતરરાષ્ટ્રીય માહિતી સંગઠનો

- 9.3.1 United Nations Educational Scientific and Cultural Organisation (UNESCO)
- 9.3.2 UNISIST (World Science Information Systems)
- 9.3.3 PGI - General Information Programme
- 9.3.4 International Federation of Library Associations and Institutation (IFLA)
- 9.3.5 International Federation for Information and Documentation (FID)
- 9.3.6 International Council for Science (ICSU)
- 9.3.7 Committee on Data for Science and Technology

9.4 વિશિષ્ટ સંગઠનો

- 9.4.1 Institute for Scientific Information

9.5 સારાંશ

9.6 'તમારી પ્રગતિ ચકાસો' ના ઉમેરો

9.7 ચાવીરૂપ શબ્દો

9.8 સંદર્ભો અને વિશેષ વાચન


## 9.0 ઉદ્દેશો (OBJECTIVES)

◆ **આ એકમના અભ્યાસ બાદ, તમે આ બાબતથી સક્ષમ બનશો.**

- ગ્રંથાલય અને માહિતીસેવામાં પ્રવૃત રાષ્ટ્રીય સંગઠનો વિશેની ઝીણવટભરી માહિતી મેળવવી ;
- માહિતીના સંગ્રહ, પ્રક્રિયા અને પ્રસારમાં સમર્પિત આંતરરાષ્ટ્રીય સંગઠનોની ઓળખ મેળવવી ;
- વિવિધ વિષયક્ષેત્રોમાં માહિતીલક્ષી કાર્યોમાં પ્રવૃત સંગઠનોની ઓળખ મેળવવી ;
- ગ્રંથાલય અને માહિતીસેવાઓના પ્રોત્સાહન, સંયોજન અને વિકાસમાં આવા સંગઠનો દ્વારા હાથ પર ધરવામાં આવતા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું વર્ણન કરવું ; અને
- કેટલાક પ્રતિનિધિ સંગઠનો જેવા કે, UNESCO, FID, IFLA, ISCU, ISI વગેરે દ્વારા નિભાવવામાં આવતી વિશિષ્ટ ભૂમિકાને ઓળખવી અને ઊંડાણપૂર્વકની જાણકારી મેળવવી.

## 9.1. પ્રસ્તાવના (INTRODUCTION)

છેલ્લા થોડા દસકાઓ દરમ્યાન ગ્રંથાલય અને માહિતી વ્યવસાયિકોને તેમના ઉપભોક્તાઓને સેવા આપવા માટે માહિતી પુનઃપ્રાપ્તિ પ્રક્રિયામાં કેટલીક સમસ્યાઓ અનુભવવામાં આવતી હતી. એ હકીકત છે કે ક્યારેક કેટલીક માહિતી અને પ્રલેખન સેવાઓ અપૂરતી જોવા મળતી હતી તેમજ વૈજ્ઞાનિક સંશોધકોને સમય વેડફ્યા વિના અને ઉપયોગી બને તેવા સ્વરૂપમાં ઈચ્છીત ડેટા અથવા માહિતી પૂરી પાડી શકાતી નહોતી. માહિતી મેળવવામાં ઊભા થતાં આ ખાલીપા (gap) ની સમસ્યાઓ ઓળખી કેટલીયવાર ચર્ચાઓ પણ કરવામાં આવતી. કેટલાક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંગઠનોએ ગ્રંથાલય અને માહિતી સેવાઓના સંયોજન, પ્રોત્સાહન અને વિકાસ માટે સ્વૈચ્છિક યોગદાન પુરુ પાડયું છે. આ સંગઠનો સરકારી અંગો તેમજ તે રીતે સ્વૈચ્છિક વ્યવસાયિક સંગઠનોનો સમાવેશ કરે છે જે વિવિધ શ્રેણીના હોય છે જેમાં સલાહકીય, સેવાલક્ષી, વાણિજ્ય, અનુદાન મેળવતા અથવા પ્રેરણા પૂરી પાડતા હોય તેમનો સમાવેશ થાય છે. તે કેટલાક બિનસરકારી સંગઠનો, આંતરરાષ્ટ્રીય વ્યાપ ધરાવતા આંતરાષ્ટ્રીય સંગઠનો તેમજ રાષ્ટ્રિય/આંતરરાષ્ટ્રિય વ્યવસાયિક મંડળોના અંગોનો સમાવેશ કરે છે.

આધુનિક ટેકનોલોજી, ખાસ કરીને કૉમ્પ્યુટર અને દૂરપ્રત્યાયન (Telecommunication) ટેકનોલોજીના વિકાસને પરીણામે આ સંગઠનોની ભૂમિકા ખૂબ જ ઉપયોગી બની છે. સ્રોતસામગ્રીની હિસ્સેદારી, સહકાર, Consortium , નેટવર્કીંગ વગેરે દ્વારા ઉપભોક્તાઓની નજીક માહિતી લાવવામાં અને સેવાઓની સમસ્યાઓ હલ કરવામાં તે ઘણી મહત્વની ભૂમિકા ભજવે છે.

આ એકમમાં, તમે કેટલાક સ્થાપિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માહિતી સંગઠનો કે જેમાં અગ્રગણ્ય રાષ્ટ્રીય પ્રલેખન / માહિતીકેન્દ્રો, વૈશ્વિક માહિતી પધ્ધતિઓ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વ્યવસાયિક સંગઠનો તેમજ વિશિષ્ટ ક્ષેત્રોમાં માહિતીસેવાઓ પ્રદાન કરતા કેટલાક વિશિષ્ટ સંગઠનો વિશે વર્ણનાત્મક અભ્યાસ કરશો.

## 9.2 રાષ્ટ્રીય માહિતી સંગઠનો (NATIONAL INFORMATION ORGANISATION)

વિજ્ઞાન અને ટેકનોલોજીના માહિતી ઉપભોક્તાઓ, આયોજકો, નીતિનિર્ધારકો, અભ્યાસુઓ અને વ્યવસ્થાપકો દ્વારા રાષ્ટ્રીય વિકાસમાં માહિતી સંગઠનોની ભૂમિકાનો ઝડપથી સ્વીકાર થયો છે. આ વિભાગમાં આપણે ભારતના રાષ્ટ્રીય કક્ષાના કેટલાક પ્રલેખન/ માહિતીકેન્દ્રો વિશે ચર્ચા કરીશું.

### 9.2.1 National Institute of Science Communication and Information Resources (NISCAIR)

ભારત અથવા વિદેશોમાંના વિજ્ઞાન ટેકનોલોજીના તમામ ક્ષેત્રોના કોઈપણ ઉપભોક્તાને માહિતી પૂરી પાડવા માટે રાષ્ટ્રીય કેન્દ્ર તરીકે 1952માં CSIR ની પ્રયોગશાળાના એકમ તરીકે Indian National Scientific Documentation Centre (INDOC) ની સ્થાપના કરવામાં આવી હતી. તેની સ્થાપના યુનેસ્કોના સહયોગથી કરવામાં આવેલી અને તેના હેતુઓ નીચે મુજબ રહ્યા હતા.

- દેશને ઉપયોગી બને તેવા તમામ વૈજ્ઞાનિક સામયિકોને કરવા અને સંગ્રહવા,
- દેશમાં અને અન્યથી પ્રાપ્ય માહિતી માટેની ઉપભોક્તાઓની વિશિષ્ટ પૃચ્છાઓના ઉત્તરો આપવા ;
- સાર સામયિકોમાંના મૂલ્યવાન લેખો વિશે વૈજ્ઞાનિકો ટેક્નોલોજી ક્ષેત્રના વિદ્વાનો તેમજ ઈજનેરોને માહિતીગાર કરવા;
- વૈજ્ઞાનિકોને જરૂરી વૈજ્ઞાનિક લેખોની ફોટોનકલો પૂરી પાડવી, પ્રાપ્ત વૈજ્ઞાનિક સામાગ્રીના અનુવાદો પૂરા પાડવા.
- રાષ્ટ્રના વૈજ્ઞાનિક કાર્યના પ્રકાશિત અને અપ્રકાશિત અહેવાલોના સંગ્રહસ્થાન (repository) તરીકે કામગીરી કરવી.

- રાષ્ટ્રના વૈજ્ઞાનિક કાર્યની જાણકારી દુનિયાના અન્ય દેશોને આપવી અને તે સુલભ બનાવવા માધ્યમ બનવું.

આગળના પાંચ દસકાઓથી વધારે, ઉપભોક્તા સમુદાયની માહિતી જરૂરીયાતોને પહોંચી વળવા કેન્દ્રની પ્રવૃત્તિઓને નવી દિશા આપી તેને અદ્યતન બનાવવામાં આવી છે. ઉપભોક્તાઓને સમયસર અને અસરકારક રીતે જરૂરી માહિતી પ્રાપ્ત કરાવવા માટે આધુનિક ટેકનોલોજી, વિશેષ કરીને કૉમ્પ્યુટર ટેકનોલોજી અને દુરપ્રત્યાયન ટેકનોલોજીને પણ કેન્દ્ર દ્વારા અપનાવવામાં આવી છે.

INSDOC સપ્ટેમ્બર 2002 થી National Institute of Science Communication (NISCOM) અને અન્ય CSIR (NISCOM) પ્રયોગશાળાઓ સાથે ભળી ગયું અને હાલમાં National Institute of Science Communication and Information Resources (NISCAIR) આ સંસ્થાનો મુખ્ય હેતુ સંસ્થા દ્વારા તૈયાર થયેલી માહિતી ઉપજો અને પ્રાપ્ત સેવાઓ દ્વારા વૈજ્ઞાનિક અને ટેક્નીકલ માહિતીનો પ્રસાર કરવાનો છે. NISCAIR Citizen Charter નાગરિકોના જાહેર સેવા માટેના અધિકાર, અમલમાં લેવાતા માનકોનો વિસ્તૃત પ્રચાર, સેવાઓની ગુણવત્તા, માહિતી પ્રાપ્તિ, ફરિયાદોને સરળ બનાવવી, સમયસર ફરિયાદ નાબૂદી તેમજ સ્વતંત્ર કાર્યની તારવણીની વ્યવસ્થાને કાયદેસર કરે છે.

**NISCAIR ની પ્રવૃત્તિઓ :**

ઉપરના ઉદ્દેશોની પૂર્તિ માટે સંસ્થા નીચેની સેવાઓ / પ્રવૃત્તિઓ હાથ પર ધરે છે :

1 પ્રાથમિક કક્ષાના 17 અને દ્વિતિય કક્ષાના 2 વૈજ્ઞાનિક / સંશોધન સામયિકોનું પ્રકાશન.
2 CSIR News અને CSIR Samachar નું પ્રકાશન.
3 ઓષધિની કાચી સામગ્રી અને સંગ્રહસ્થાન
4 પ્રચલિત વિજ્ઞાન સામયિકો
5 પ્રચલિત વિજ્ઞાન ગ્રંથો
6 માહિતી સેવાઓ
7 વિશિષ્ટ ડેટાબેઝનો વિકાસ અને જાળવણી
8 વીજાણુ પ્રકાશનો
9 માનવ સંસાધન વિકાસ
10 માહિતી સ્રોતો
11 વેચાણ અને વેચાણકર્તા (Marketing)
12 સલાહ સેવાઓ

**NISCAIR દ્વારા પ્રકાશિત સામયિકો**

1 Journal of Scientific and Industrial Research (Monthly)
2 Indian Journal of Chemistry - A (Monthly)
3 Indian Journal of Chemistry - B (Monthly)
4 Indian Journal of Experimental Biology (Monthly)
5 Indian Journal of Pure and Applied Physics (Monthly)
6 Indian Journal of Biochemistry and Biophysics (Bi-monthly)
7 Indian Journal of Engineering and Material Science (Bi-Monthly)
8 Indian Journal of Chemical Technology (Bi-Monthly)
9 Indian Journal of Radio and Space Physics (Bi-Monthly)
10 Journal of Intellectual Property Rights (bi-Monthly)

11 Indian Journal of Marine Sciences (quarterly)
12 Indian Journal of Fibre and Textile Research (quartely)
13 National Product Radiance (bi-monthly)
14 Indial Journal of Biotechnology (quarterly)
15 Indian Journal of Traditional Knowladge (quartely)
16 Annals of Library and Information Studies (quartely)
17 Bhartiya Vaigyanic Evam Audyogik Anushadhan Patrika (Hindi) (Half Yearly)

ઉપરોક્ત પ્રાથમિક કક્ષાના સામયિકો ઉપરાંત **NISCAIR** બે સાર - સામયિકો પણ પ્રકાશિત કરે છે, જે આ છે. :

1 Medicinal and Aromatic Plants Abstracts (bi-monthly)

2 Indian Science Abstracts (fortnightly)

**CSIR News and CSIR Samachar**

NISCAIR અંગ્રેજીમાં CSIR News (Fortnight) અને હિન્દીમાં CSIR Samacahar (માસિક) પ્રસિદ્ધ કરે છે, બંને CSIR ની વિવિધ પ્રયોગશાળાઓ વચ્ચે અસરકારક કડી તરીકે સેવા આપે છે. ઉપભોક્તાઓને વિવિધ સંશોધન અને વિકાસ કાર્યક્રમો ઉપરાંત CSIR સંશોધન અને વિકાસ સંગઠનો, વિશ્વવિદ્યાલય વિભાગો અને ઉદ્યોગ વિશેની માહિતી પણ પૂરી પાડે છે.

**Wealth of India (WOI)**

WOI એ ભારતીય કુદરતી કાચી સામાગ્રીનો જ્ઞાનકોષ છે. NISCAIR ની સતત ચાલતી પ્રવૃત્તિઓ WOI ની પુરવણીઓ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવે છે, દેશના કુદરતી કાચી સામગ્રી સ્રોતો પર ગ્રંથો પ્રસિધ્ધ કરવામાં આવે છે અને કુદરતી કાચી સામગ્રી સ્રોતો વિશે માહિતી મેળવવા ઈચ્છતા હોય તેમને પૃચ્છા (Inquiry) સેવા પૂરી પાડે છે. - Wealth of India ની હિંદી આવૃત્તિ भारतकी संपदा પણ પ્રાપ્ય છે.

**ઔષધિની કાચી સામગ્રી અને સંગ્રહાલય (Raw Matiral Harbarium and Museum)**

ઔષધિની કાચી સામગ્રી અને સંગ્રહાલય એ મૂળ વનસ્પતિની ઔષધિય દવાઓ અને વનસ્પતિની ઓળખ પર સલાહ સેવાઓ પૂરી પાડે છે. ફોટો લાયબ્રેરી સેવા 3000 થી વધારે ફોટોગ્રાફ/ ચિત્રોના સંગ્રહ પરથી ફોટોગ્રાફ /ચિત્રોની નકલો તૈયાર કરી ઉપભોક્તાોને પૂરા પાડે છે.

**પ્રચલિત વિજ્ઞાન સામયિકો (Popular Science Publications)**

NISCAIR તમામ પ્રકારના ઉપભોક્તાઓ અને ખાસ કરીને પ્રચલિત વૈજ્ઞાનિક માહિતીની માંગ કરતા ઉપભોક્તાઓ માટે અદ્યતન વૈજ્ઞાનિકો વિકાસને આવરી લેતા ત્રણ ભાષામાં અદ્યતન વિજ્ઞાન સામયિકો પ્રકાશિત કરે છે જેમાં, અંગ્રેજીમાં Science Reporters અને હિન્દીમાં भारतकी संपदाविज्ञान प्रगति (માસિક) તેમજ ઉર્દૂમાં सायन्स की दुनिया (ત્રિમાસિક) છે.

NISCAIR પાયાગત વિજ્ઞાન, વિજ્ઞાનના સમકાલિન ક્ષેત્રોમાં મોટી સંખ્યામાં પ્રચલિત વિજ્ઞાન ગ્રંથો પણ પ્રકાશિત કરે છે.

**માહિતી સેવાઓ (Information Services)**

NISCAIR ઘણી માહિતીસેવાઓને આવરી લે છે, જેમાંની કેટલીક સેવાઓ અગાઉની INSDOC ની શરૂઆતના સમયથી ચાલુ રહેલી છે.

- Wealth of Nation અને MAPA ડેટાબેઝ પર આધારિત Medical and Aromatic Plants Information Services (MAPIS)
- Content abstract and Photocopy સેવા જે ઉચ્ચકક્ષાની વ્યક્તિગત સેવા છે. આ સેવા નિયમિત ધોરણે સામયિકો પરથી અનુક્રમણિકા માહિતી પૂરી પાડે છે.
- માહિતી શોધ સેવાઓ 6000 થી વધારે આંતરરાષ્ટ્રીય ડેટાબેઝની પ્રાપ્તિ કરાવતી સેવા છે.
- NISCAIR એ સામયિકોને ISSN ક્રમાંક આપવા માટેના આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું ભારતમાં પ્રકાશિત થતાં સામયિકોને ISSN આપવા માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર છે.
- NISCAIR એ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં મુખ્ય વિદેશી ભાષાઓ જેવી કે જાપાનીઝ, જર્મન, ફ્રેન્ચ, સ્પેનિશ, ચીની અને રશિયનમાંથી અંગ્રેજીમાં અનુવાદનસેવા પૂરી પાડે છે.
- બિબ્લિઓમેટ્રીક સેવાઓ : NISCAIR સંશોધનના કોઈપણ ક્ષેત્રના વૃધ્ધિ, વિકાસ અને ફેલાવાના અભ્યાસ માટે વિશિષ્ટ વિષયો પર બિબ્લિઓમેટ્રીક સેવા રજૂ કરે છે.

**વીજાણુ પ્રકાશન (Electronic Publishing )**

NISCAIR તેના કેટલાક મુખ્ય પ્રકાશનોની ડિજિટલ સ્વરૂપની આવૃત્તિઓ પ્રસિધ્ધ કરે છે, જેમ કે Indian Science Abstracts, Medical and Aromatic Plants Abstracts, The Wealth of India, Raw Materials Series નો સમાવેશ થાય છે.

**માનવ સંસાધન વિકાસ (Human Resource Development)**

1964 થી, શરૂઆતથી જ INSDOC ની ગ્રંથાલય, પ્રલેખન અને માહિતી વિજ્ઞાનમાં માનવસ્રોતનો વિકાસ એ મુખ્ય પ્રવૃત્તિ રહી છે. વર્ષોથી NISCAIR દ્વારા રજુ કરવામાં આવેલા વિવિધ અભ્યાસક્રમોમાં માહિતીસેવા, તેમજ ગ્રંથાલય પ્રવૃત્તિઓમાં કૉમ્પ્યુટર અને ટેકનોલોજીના ઉપયોગના ક્ષેત્રોમા પરિણામો બદલાયા છે. આ સિવાય, માહિતીવિજ્ઞાનમાં બે વર્ષનો પૂરા સમયનો Associateship in Information Science શૈક્ષણિક અભ્યાસક્રમ છે. NISCAIR ગ્રંથાલય અને માહિતીપ્રવૃત્તિઓમાં કૉમ્પ્યુટર ઉપયોગમાં કેટલાક ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવે છે, તાલીમ કાર્યક્રમો યોજે છે તેમજ વિનંતીથી જે તે સ્થળ પર જઈ તાલીમ પણ પૂરી પાડે છે.

NISCAIR વિજ્ઞાન પ્રત્યાયન અને ઔષધ પ્રવિધિઓમાં ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમો પણ યોજે છે.

**રાષ્ટ્રીય વિજ્ઞાન ગ્રંથાલય (National Science Library - NSL )**

NSL ની સ્થાપના 1964માં થઈ હતી. તેનો મુખ્ય હેતુ દેશમાં પ્રકાશિત થતાં વિજ્ઞાન - ટેકનોલોજીના તમામ મહત્વના પ્રકાશનો મેળવવા તેમજ CD-ROM પરના તેમજ અન્ય વીજાણુ સ્વરૂપના વિદેશી સામયિકોને પ્રાપ્ત કરી તેના સ્રોત આધારને મજબૂત બનાવવો તે છે. NSL સંદર્ભગ્રંથો, અહેવાલો અને માનકો સાથેના 1,90,000થી વધારે ગ્રંથોનો સમૃધ્ધ સંગ્રહ ધરાવે છે. ગ્રંથાલય પાસે વિજ્ઞાન ટેકનોલોજીમાં માહિતી વિજ્ઞાન અને ટેકનોલોજી, સંદર્ભ સામગ્રી / દ્વિતિય કક્ષાના સ્રોતો, પરિષદ /પરિસંવાદ/ચર્ચાસભાની કાર્યવાહીઓ/વિદેશી ભાષાના શબ્દકોશો તેમજ વૈદિક અને સુંગધી છોડવાઓના ક્ષેત્રમાં સારો સંગ્રહ છે. તે વિજ્ઞાન ટેકનોલોજીના મોટાભાગના તમામ કિંમતી ભારતીય સામયિક પ્રકાશનો મેળવે છે તેમજ 5100 થી વધારે ભારતીય અને વિદેશી સામયિકો મેળવે છે. આંમાના 3500 સામયિકો વીજાણુ સ્વરૂપમાં છે, જેમાં 1133 પૂર્ણ પાઠ્ય (Full Text) સામયિકોનો સમાવેશ થાય છે. NSL નું સભ્યપદ વ્યક્તિઓ, સંસ્થાઓ

માટે ખુલ્લુ છે અને તે વાચક સેવાઓને આવરી લેતી વિવિધ સેવાઓ પૂરી પાડે છે.

**સલાહ સેવાઓ (Consultancy Services)**

NISCAIR કેટલાક ક્ષેત્રોમાં સલાહકીય સેવાઓ પૂરી પાડે છે.

- ગ્રંથાલય અને માહિતી સંગઠનોના આધુનિકરણ, પુનઃ વ્યવસ્થાપન અને સ્વચાલન. જેમાં અધિકાર ધરાવતા પ્રોજેક્ટનો સમાવેશ.
- વિવિધ સંગઠનોના વિશિષ્ટ ડેટાબેઝની રૂપરેખા (Design) અને વિકાસ
- પ્રકાશનોના સંપાદન, રૂપરેખા, ઉત્પાદન અને મુદ્રણ

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

**1. NISCAIR** ની માહિતીઓની યાદી આપો.

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

### 9.2.2 રાષ્ટ્રીય સામાજીક વિજ્ઞાન પ્રલેખન કેન્દ્ર

**[National Social Science Documentation Centre (NASSDOC)]**

NASSDOC, નવી દિલ્હીની સ્થાપના 1969માં Indian Council of Social Science Research (ICSSR) દ્વારા કરવામાં આવી હતી. સામાજીક વિજ્ઞાનોના ક્ષેત્રોમાં નીચેના ઉદ્દેશોને પહોંચી વળવા આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી :

- સામાજીક વિજ્ઞાનોના ક્ષેત્રમાં સંશોધકોને ગ્રંથાલય અને માહિતીસેવાઓ પૂરી પાડવી.
- જેઓ શૈક્ષણિક સંસ્થાઓમાં, સ્વાયત્ સંશોધન કેન્દ્રોમાં, સરકારી વિભાગોના નીતિ નિર્ધારણ, આયોજન અને સંશોધન એકમોમાં, વ્યાપાર અને ધંધા વગેરેમાં કાર્યરત છે તેમને માહિતીસેવા પૂરી પાડવી ;
- સમાજવિજ્ઞાન સંશોધનમાં થયેલાં વિકાસ અને માહિતી પ્રસાર કરવો.
- ICSSR ના પ્રાદેશિક કેન્દ્રો અને ICSSR સંલગ્ન સંશોધન સંસ્થાઓના ગ્રંથાલયોને માર્ગદર્શન પુરું પાડવું. ;
- પ્રલેખન અને વાડ્‌મયસૂચિ પ્રોજેક્ટ માટે નાણાંકીય સહાય પૂરી પાડવી ;
- સમાજશાસ્ત્રના વૈજ્ઞાનિકો, સંશોધકો, ગ્રંથપાલો અને માહિતી ટેકનોલોજીના વ્યવસાયિકો માટે ટૂંકાગાળાના તાલિમ અભ્યાસક્રમ હાથ ધરવા.
- પીએચ.ડી કરતા વિદ્યાર્થીઓને દેશના વિવિધ ભાગોમાં સ્થિત ગ્રંથાલયોમાંથી સંશોધન સામગ્રી એકત્રિત કરવા માટે અભ્યાસલક્ષી નાણાંકીય સહાય મેળવી આપવી

**નાસડોક સેવાઓ (NASSDOC Services)**

NASSDOC પાસે અપ્રકાશિત પીએચ.ડી. નિબંધો, સંશોધન પ્રોજેક્ટના

અહેવાલોનો ઘણો મોટો સંગ્રહ છે. કેન્દ્ર ભારતીય્ ને વિદેશના સામાજીક વિજ્ઞાનના તમામ સામયિકોને તેના પાછલા ગ્રંથો (back volumes) સાથે મોટા પ્રમાણમાં પ્રાપ્ત કરે છે તેમજ મુદ્રિત અને ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરે છે. આવા સમૃદ્ધ સ્રોતો અને પ્રાપ્ય સંગ્રહના આધારે નાસડોક સામાજીક વિજ્ઞાનોમાં સંશોધકોને નીચેની ગ્રંથાલય અને માહિતીસેવાઓ પૂરી પાડે છે.



(a) ગ્રંથાલય અને સંદર્ભસેવાઓ

(b) મુદ્રિત અને ડિજિટલ (ઓનલાઈન ડેટાબેઝ સાથે) બંનેના ઉપલબ્ધ ડેટાબેઝમાંથી સાહિત્ય શોધ સેવા

(c) માંગ આધારિત વાઙ્મયસૂચિ સંકલન

(d) ગ્રંથો અને સામયિકોની આંતરગ્રંથાલય લેવડદેવડ સેવા અથવા પ્રલેખની ફોટોનકલ દ્વારા પ્રલેખ પ્રાપ્તિ સેવા

(e) સામાજીક વિજ્ઞાનોમાં પ્રકાશિત થયેલી વાઙ્મયસૂચિઓ, ડિરેક્ટરીઓ અને સંદર્ભ સ્રોતો મેળવવા તેમજ સંસ્થાઓ અને ગ્રંથાલયોને તે વહેંચવા.

**નાસડોક ડેટાબેઝ / પ્રકાશનો (NASSDOC Database / Publications)**

નાસડોકની મુખ્ય પ્રવૃત્તિઓમાંની એક તે ડેટાબેઝના સર્જન અને સાધનો (tools) નું સ્થાન દર્શાવવાની છે. નાસડોકની ઉપજોમાં ગ્રંથાલય ડેટાબેઝ, ડિરેક્ટરીઓ, ભારતીય સામાજીક શાસ્ત્રોનું સામયિક સાહિત્ય (Indian Social Science Periodical Liferature INSSPEL), સંઘસૂચિઓ, વાઙ્મયસૂચિઓ અને સામયિકોનો સમાવેશ થાય છે. તેમાંની કેટલીક આ મુજબ છે :

**સંશોધન પ્રોજેક્ટ અહેવાલોનો ડેટાબેઝ (Databases of Research Project Reports)**

**ICSSR** તેમજ અન્ય સંગઠનો દ્વારા નાણાંકીય સહાય મેળવતા 3000 થી વધારે સંશોધન પ્રોજેક્ટ અહેવાલોની કર્તા, આખ્યા (**title**), વિષય વગેરે વાઙ્મયસૂચિગત વિગતોને આ ડેટાબેઝ આવરી લે છે. તે મુદ્રિત અને ડિજિટલ બંને સ્વરૂપમાં ઉપલબ્ધ છે.

**પીએચ.ડી મહાનિબંધોનો ડેટાબેઝ (Database of Ph.D. Dissertations)**

આ ડેટાબેઝ નાસડોક દ્વારા મેળવેલા આશરે 5000 નિબંધોની વાઙ્મયસૂચિગત વિગતો જેવી કે સંશોધકનું નામ, નિબંધનો વિષય, પીએચ.ડી. પદવી મળ્યાનું વર્ષ વગેરેને આવરી લે છે. આ ડેટાબેઝ મુદ્રિત તેમજ ડિજિટલ બંને સ્વરૂપમાં ઉપલબ્ધ છે.

**ભારતમાં સામાજીક વિજ્ઞાન ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોની ડિરેક્ટરી (Directory of Social Science Libraries and Information Centres in India)**

આ ડિરેક્ટરી સામાજીક વિજ્ઞાન અને સંબંધિત વિષયોમાં 447 સરકારી એજન્સીઓ સાથે સંકળાયેલા ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રો, વિવિધ મંત્રાલયો, વિશ્વવિદ્યાલયો અને સ્વાયત્ અંગો, બેંકો, ઉદ્યોગ અને ધંધા વગેરે હેઠળ ચાલતી સંશોધન અને તાલીમ સંસ્થાઓની માહિતી આપે છે. ગ્રંથાલયો વિશેની માહિતીમાં તેમના સ્વતંત્ર નામની સાથે તેની માતૃસંસ્થાઓના સંદર્ભો પણ આપવામાં આવે છે. પ્રત્યેક નોંધ ગ્રંથાલયનું સરનામું, ઈ-મેઈલ, કર્મચારીઓની સંખ્યા, સંગ્રહનો પ્રકાર, અંદાજપત્ર, વિષયનો વ્યાપ, કમ્પ્યુટીકરણની વિગતો, સવલતો અને સેવાઓ જેવી કે ફોટોકોપી, વાઙ્મયસૂચિ સેવા, આંતરગ્રંથાલય લોન, ઓનલાઈન ડેટાબેઝ, સાહિત્યશોધ, અનુવાદો વગેરેનો સમાવેશ કરે છે. ડિરેક્ટરીમાં આપવામાં આવતી

માહિતીથી ભારતીય ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રો વચ્ચે સહકાર અને સાધનસામગ્રીની હિસ્સેદારી વધી શકે છે.

**ભારતમાં સામાજીક વિજ્ઞાન સંશોધન અને તાલીમ સંસ્થાઓ ડીરેક્ટરી (Directory of Social Science Research and Training Institutitions in india)**

આ ડિરેક્ટરી ભારતમાં સંશોધન અને તાલીમમાં રોકાયેલી 450 જેટલી સામાજીક વિજ્ઞાન સંસ્થાઓની વ્યાપક માહિતી દર્શાવે છે. તે સંશોધનનો વિસ્તાર, મુખ્ય ઉપલબ્ધીઓ, વિશિષ્ટ સવલતો, અદ્યતન સંશોધન પ્રકલ્પો, પ્રકાશનો, કર્મચારીઓનો પ્રકાર, હેતુઓ અને ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, માતૃસંસ્થા, પ્રકાશનો, તાલીમ અભ્યાસક્રમોના નામ અને કક્ષા, ગ્રંથાલય સંગ્રહ અને સેવાઓ તેમજ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સવલતો વિશેની માહતી દર્શાવે છે. પુરવણી તરીકે વિષય નિર્દેશિકા અને સ્થાન નિર્દેશિકા આપવામાં આવી છે.

**ભારતમાં સામાજીક વિજ્ઞાન સામયિકો અને ક્રમિક પ્રકાશનોની સંઘસૂચિ (Union Catalgue of Social Science Periodicals and Serials in India)**

નાસડોક દ્વારા 1970 થી સામાજીક વિજ્ઞાન સામયિકો અને ક્રમિક પ્રકાશનોની સંઘસૂચિનું સંકલનકાર્ય હાથ પર ધરવામાં આવેલું. સંપૂર્ણ ડેટાબેઝ 17 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના 550 ગ્રંથાલયોમાંના 31125 સામયિકોની વિગતો સાથે 32 ગ્રંથોમાં પ્રકાશિત કર્યો હતો, જેમાં રાષ્ટ્રીય - કલકત્તાના સ્વતંત્ર ગ્રંથનો સમાવેશ થાય છે.

ચેન્નાઈ, મુંબઈ અને હૈદરાબાદના ગ્રંથાલયોના સામયિકોની સંઘસૂચિ વર્ષ 2000 સુધી અદ્યતન રાખેલી છે.ચેન્નાઈના સામયિકોની વિગત 12 ગ્રંથાલયોના 867 સામયિકોના સ્થાનને આવરી લે છે, હૈદરાબાદના સામયિકોની સંઘસૂચિ 25 ગ્રંથાલયોના 4455 આખ્યાઓના સ્થાન દર્શાવે છે, જ્યારે મુંબઈની સામયિક સંઘસૂચિ 16 ગ્રંથાલયોમાં ઉપલબ્ધ 2928 સામયિકોને આવરી લે છે. આ ત્રણે સંઘસૂચિઓ કૉમ્પ્યુટર દ્વારા વાંચી શકાય તેવા સ્વરૂપમાં પણ ઉપલબ્ધ છે.

**ભારતમાં સામાજીક વિજ્ઞાન ગ્રંથાલયોમાંના સીડી-રોમ ડેટાબેઝની સંઘસૂચિ (Union Catalogue of CD-ROM Databases in Social Science Libraries in India)**

આ ડેટાબેઝ ભારતમાંના મુખ્ય 40 સામાજીક વિજ્ઞાન ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોમાં ઉપલબ્ધ 132 જેટલા સીડી.રોમ ડેટાબેઝ વિશેની માહિતીને આવરી લે છે. તે સીડી રોમ ડેટાબેઝની આખ્યા, આવર્તન (frequency), ટૂંકુ ઉમેરણ (annotation) ઉત્પાદક / વિક્રેતા વિશેની માહિતી તેમજ સીડી. રોમ ડેટાબેઝમાંના ગ્રંથો (holdings) સાથેની અનુક્રમિક ગ્રંથાલય સંજ્ઞાઓ વિશેની માહિતી પૂરી પાડે છે.

**ઈ.સ 2000માં ભારત વિશેની વાઙ્મયસૂચિ (bibligraphy On India in 2000 AD)**

આ વાઙ્મયસૂચિ ભારત પરના અંગ્રેજી ભાષામાં 1987માં શરૂઆતના અર્ધા સમયગાળાથી આવરી લેતા પસંદ કરેલા ગ્રંથો તેમજ સામયિકોમાં રજુ થયેલાં લેખો, પ્રકાશિત અને અપ્રકાશિત સંશોધન અહેવાલો અને પરિષદ લેખો વગેરેના 647 રેકોર્ડ ધરાવે છે. તેમાં એશિયા અને વિશ્વમાંના ભારત સંબંધી કેટલાક લેખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

- **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercise)**

2, નાસડોકના કેટલાક ડેટાબેઝના નામો દર્શાવો.

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખોઃ

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

### 9.2.3 Defence Scientific Infomation and Documentation Centre (DESODOC)

ડેસીડોક એ Defence Science Laboratory (DSL) જે હાલ Defence Science Centre છે. તેના વિભાગ Scientific Information Bureau (SIB) તરીકે વર્ષ 1958થી કાર્યરત છે. 1948માં Defence Research and Development Organisation (DRDO) ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવી, જે 1958માં SIB નો વિભાગ બન્યું. વર્ષ 1967માં SIB ને માન્યતા પ્રાપ્ત થઈ અને નવા નામ Defence Scientific Information and Documentation Centre (DESIDOC) થી કાર્ય કરતું થયું તે આજે પણ DSL વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. 1970માં ડેસીડોક સ્વતંત્ર એકમ તરીકે DRDO ની એક પ્રયોગશાળા તરીકે કાર્ય કરતું થયું. આ કેન્દ્ર શરૂથી રાષ્ટ્રીય સ્મારક મેટકાફ હાઉસના મુખ્ય મકાનમાં કાર્ય કરતું હતુ અને 1988માં તે પરિસરમાં જ તેના નવા મકાનમાં ખસેડવામાં આવ્યુ. તે સ્વંતત્ર અને જવાબદાર એકમ બનતાં, ડેસીડોક DRDO માટે કેન્દ્રિય માહિતીસ્રોત તરીકે કાર્યે કરવા લાગ્યું. તે DRDO ના મુખ્ય મથકો અને સમગ્ર ભારતમાં આવેલી તેની વિવિધ પ્રયોગશાળાઓને તેના ગ્રંથાલય અને અન્ય માહિતી સ્રોતોના આધારે વિજ્ઞાન અને ટેકનોલોજીની માહિતી પૂરી પાડે છે.

**ડેસીડોકના મુખ્ય ઉદ્દેશો :**

- DRDO ના મુખ્ય મથકો, પ્રયોગશાળાઓને વૈજ્ઞાનિક માહિતી, પ્રલેખન, ગ્રંથાલય, પ્રત્યાલેખન (Reprography), અનુવાદ સેવાએ પૂરી પાડવા માટે કેન્દ્રિય સ્રોત તરીકે કાર્ય કરવું તેમજ તે અંગેના વૈજ્ઞાનિક માહિતી કાર્યક્રમો સ્થાપવા અને સંયોજન કરવું.
- સંરક્ષણ વિજ્ઞાન અને ટેકનોલોજી માટે માહિતી પધ્ધતિ વિકસાવવી.
- વૈજ્ઞાનિક માહિતીના ક્ષેત્રમાં તાલીમ અને ઉપભોક્તા શિક્ષણ કાર્યક્રમો પૂરા પાડવા,
- DRDO ના વૈજ્ઞાનિક અને ટેકનીકલ સામયિકો, ગ્રંથો અને વિષયલક્ષી પુસ્તિકાઓ (Monographs) પ્રકાશિત કરવા. કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે :

**(a) ગ્રંથાલય સેવાઓ (Library Services)**

ડેસીડોક સંરક્ષણ વિજ્ઞાન ગ્રંથાલયનું વ્યવસ્થાપન કરે છે, જે DRDO નું કેન્દ્રિય ગ્રંથાલય છે. તે Online Public Access Catalogue (OPAC) , સીડી. રોમ શોધ સેવા. પ્રલેખ પ્રાપ્તિ સેવા અને સ્રોતસામગ્રીની હિસ્સેદારી સેવા આપે છે.

**(b) માહિતી પ્રક્રિયા અને પ્રસાર (Information Processing and Dissemination)**

ગ્રંથાલય DRDO ના રસની વૈજ્ઞાનિક અને ટેકનિકલ માહિતી એકત્રિત કરે છે અને DRDO ના ઉપભોક્તાઓને અદ્યતન અવબોધન સેવાઓ (CAS) તેમજ

પસંદગીયુક્ત માહિતી પ્રસાર સેવા (SID) પૂરા પાડે છે.

**(c) ડેટાબેઝ વિકાસ (Database Development)**

તે DSL માં OPAC, ગ્રંથો, અહેવાલો, પરિષદ કાર્યવાહીઓનો વાઙ્મયસૂચિગત ડેટાબેઝનો સમાવેશ કરતા વાઙ્મયસૂચિગત ડેટાબેઝનો વિકાસ કરે છે અને જાળવે છે. સમાચારપત્ર કતરણ (Newspaper Clippings), સંરક્ષણવિજ્ઞાન સામયિકો, IEE/IEEE Contents ને સમાવતા પૂર્ણ પાઠ (Full-Text) ડેટાબેઝને સમાવે છે.

**(d) DRDO પ્રકાશનો (DRDO Publications)**

ડેસીડોક DRDO ની પ્રકાશન પાંખ તરીકે પણ કાર્ય કરે છે અને અનેક સામયિકો, મોનોગ્રાફ, ન્યુઝલેટર વગેરે તૈયાર કરે છે.

**(e) તાલીમ (Training)**

તે માહિતીસંગ્રહ, પ્રક્રિયા અને પ્રસાર, ગ્રંથાલય સ્વચાલન, ડેટાબેઝ વિકાસ, ઓનલાઈન શોધ, ઈન્ટરનેટનો ઉપયોગ તેમજ માહિતી ટેકનોલોજી સંબંધી ઘણા ક્ષેત્રોમાં તમામ પૂરી પાડે છે.

**(f) ટેકનીકલ સેવાઓ (Technical Services)**

તે પ્રત્યાલેખન - Reprography (ફોટોનકલ, દશ્ય-શ્રાવ્ય રજુઆત સામગ્રી) અનુવાદ, પ્રત્યાયન (ઈ-મેઈલ, ઈન્ટરનેટ) તેમજ મુદ્રણ સેવાઓ પૂરી પાડે છે.

**કાર્યક્ષેત્ર અને પ્રવૃત્તિઓ (Functional Area and Activities)**

વિવિધ હેતુઓને પહોંચી વળવા તેમજ સેવાઓ પૂરી પાડવા માટે કેન્દ્રની પ્રવૃત્તિઓને નીચેના કાર્યક્ષેત્રોમાં આવરી લઈ આયોજીત કરી છે.

**(a) ઈન્ટરનેટ અને ઈ-મેઈલ પ્રાપ્તિ (Internet and E-mail Access)**

ડેસીડોકએ ERNET અને NICNET દ્વારા દેશમાંથી DRDO પ્રયોગશાળાોને ઈ-મેઈલ અને ઈન્ટરનેટ પ્રાપ્તિ પૂરા પાડયા છે. વૈજ્ઞાનિકો / સંચાલકોને ઈન્ટરનેટ અને તેના સ્રોતો વધારે ઝડપી અને સરળતાથી પૂરા પાડવા માટે VSNL અને ડેસીડોકના ઈન્ટરનેટ ગેટ વે અને ડેસીડોક મુખ્ય મથક વચ્ચે પ્રત્યાયન કડી (links) ઊભી કરી છે. ડેસીડોકએ ઈન્ટરનેટ ઉપભોક્તાઓની જરૂરીયાતોને સંતોષવા ઈન્ટરનેટ પ્રયોગશાળા ઊભી કરી છે.

**(b) મલ્ટીમીડિયા પ્રયોગશાળા (Multimedia Laboratory)**

ઉચ્ચ સંચાલન તેમજ સંરક્ષણ પ્રધાનના વૈજ્ઞાનિક સલાહકારને અધિકૃત મલ્ટીમીડિયા સરળ બનાવવા તેની સંરચના (Design) અને રજૂઆતની સવલતો પૂરી પાડવામાં આવે છે. છાપ પ્રક્રિયા (Image Processing), સીડી - લેખન, દશ્ય-શ્રાવ્ય રચના, ડેસ્કટોપ સીડી પ્રકાશન અને મલ્ટીમીડિયા સીડી પ્રકાશનના ક્ષેત્રોમાં તજજ્ઞતા ઊભી કરી છે. DRDO ની અંદર અને બહાર બંને સ્થાને મલ્ટીમીડિયા પ્રયોગશાળા ઊભી કરી છે, જ્યાં થોડી મલ્ટીમીડિયા ઉપજો પ્રકાશિત કરી છે અને સલાહસેવાઓ પૂરી પાડી છે.

**(c) પ્રત્યાલેખન સવલતો (Reprographic Facilities)**

DRDO ના ઉચ્ચ સંચાલનમાં અને વૈજ્ઞાનિકોને તેમની ટેકનીકલ રજૂઆતોમાં મદદરૂપ બનવા પ્રત્યાલેખન સવલતો ઊભી કરી છે. આ સવલતથી કૉમ્પ્યુટર આધારિત મલ્ટીકલર સ્લાઈડ તૈયાર કરવાથી પધ્ધતિ, ડિજિટલ કલર કોપીયર, ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કલર પ્રિન્ટર્સ અને વિડિઓ રેકોર્ડર્સ વગેરેની મદદથી ઉચ્ચ ગુણવત્તા સામગ્રીની રજુઆત શક્ય બને છે.

**(d) મુદ્રણની સવલત (Printing Facility)**

DRDO ના પ્રકાશનોના આંતરિક ઉત્પાદન માટે સંપૂર્ણપણે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી મુદ્રણ સવલત ઊભી કરી છે, જે સંરચના (designing), બાહ્ય દેખાવ (Layout), ટાઈપ સેટીંગ,DTP, પ્રક્રિયા અને મુદ્રણ એકમોનો સમાવેશ કરે છે. ધંધાદારી મુદ્રણ એકમોનો સમાવેશ કરે છે. ધંધાધારી મુદ્રણ એજન્સીઓને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા મલ્ટીકલર મુદ્રણ માટેની જવાબદારી સોંપવામાં આવી છે.

**પ્રકાશનો (Publications)**

ડેસીડોક નીચે દર્શાવેલ DRDO ના પ્રકાશનોની જવાબદારી સંભાળે છે.

(a) Defence Science Journal
(b) Popular Science and Technology
(c) DRDO Newsletter
(d) DRDO Samachar
(e) R & D Degest
(f) Technology Focus
(g) DESIDOC Bulletin of Information Technology

હવે Journal of Library and Information Technology આખ્યાથી પ્રકાશિત થાય છે.

**સંરક્ષણ વિજ્ઞાન ગ્રંથાલય (Defence Science Library)**

સંરક્ષણ વિજ્ઞાન ગ્રંથાલય દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રોમાં પ્રકાશનોનો અજોડ સંગ્રહ ધરાવતુ મોટામાં મોટું ગ્રંથાલય છે. ગ્રંથાલય આજે ત્રણ લાખથી વધારે, પ્રલેખો ધરાવે છે, જેમાં ગ્રંથો, સામયિકો, ટેકનીકલ અહેવાલો, પેટન્ટ તેમજ માનકો - ધોરણો (Specifications) નો સમાવેશ થાય છે. દેશમાં કમ્પ્યુટીકરણ થયેલું આ સૌ પ્રથમ ગ્રંથાલય હતું.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exercise)**

3) ડેસીડોકની પ્રવૃત્તિઓના ક્ષેત્રો કયા છે ?

**નોંધ :** **(i)** નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

**(ii)** એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

## 9.3 આંતરરાષ્ટ્રીય માહિતી સંગઠનો (INTERNATIONAL INFORMATION ORGANISATION)

આંતરરાષ્ટ્રીય સંગઠનો દેશો વચ્ચે ગ્રંથાલયો અને માહિતીક્ષેત્રે માહિતી, વિચારો, અનુભવોની આપ લે અને હિસ્સેદારી માટે સહકાર અને સારા સંબંધો સ્થાપવામાં મદદરૂપ બને છે. યૂનાઈટેડ નેશન્સ એ સમુચિત માળખુ પૂરું પાડતુ એવું સંગઠન છે જે કેટલીક સમસ્યાઓની ચર્ચા અને નિરાકરણ માટેનો ચર્ચા મંચ પૂરો પાડે છે. આ ભૂમિકા વ્યવસાયિક અંગો - વિશેષ કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાની ભૂમિકા ભજવે છે. જેઓ વિકસતા દેશો વચ્ચે ટેકનીકલ સહયોગને પ્રોત્સાહન અને ટેકનોજીની માહિતીની વહેંચણી માટેની વિવિધ પ્રકારની સવલતો પૂરી પાડે છે. આ સંગઠનો દ્વારા વિકસતા દેશો, જે સામાજીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેને અગ્રતાક્રમ આપે છે અને આવી સમસ્યાઓના સમાધાનોને માટે શોધ પ્રયત્નો આદરે છે.

આપણે આમાંના કેટલાક પ્રતિનિધિ આંતરરાષ્ટ્રીય સંગઠનો વિશે અભ્યાસ કરીએ.

### 9.3.1 યુનેસ્કો (United Nations Educational Scientific and Cultural Organisation - UNESCO)

યુનેસ્કોની સ્થાપના 1946માં થઈ હતી. તે યૂનાઈટેડ નેશન્સ પધ્ધતિની માહિતીલક્ષી બાબતો સાથે સંબંધ ધરાવતી વિશિષ્ટ એજન્સી છે. તેની શરૂઆતના સમયે યુનેસ્કોના ઉદ્દેશો હતા : આંતરરાષ્ટ્રીય બુધ્ધિમત્તાના સહકારને ઉત્તેજન આપી કામગીરીની મદદ પુરી પાડી સભ્ય રાષ્ટ્રોનો ઝડપથી વિકાસ સાધવો, તેમજ શાંતિ, માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય સમજને પ્રોત્સાહન આપવું. તેના બંધારણની કલમની -1 ની શરત મુજબ :

આ સંગઠને ' બૌધ્ધિક પ્રવૃત્તિની તમામ શાખાઓમાં રાષ્ટ્રો વચ્ચે સહકારને ઉત્તેજન આપી જ્ઞાનને જાળવવું, ઉત્તેજન આપવું અને તેનો ફેલાવો કરવો. આંતરરાષ્ટ્રીય સહયોગની શરૂઆતની પધ્ધતિ મુજબ માહિતીલક્ષી પ્રકાશનો અને અન્ય સામાગ્રીની આપ- લે કરવી તેમજ તમામ દેશોના લોકોને મુદ્રિત અને પ્રકાશિત સામગ્રી કે તેમાંની કોઈપણ પ્રાપ્ત કરી તેમને પૂરી પાડવી.'

યુનેસ્કોની પ્રારંભિક પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે સભ્યરાષ્ટ્રોને બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન તેમના નાશ પામેલા ગ્રંથાલયોને ફરીથી ઊભા કરવા માટે મદદ કરવી તેનો સમાવેશ કરેલો. યુનેસ્કોના ચોકસાઈપૂર્વકના વિશ્લેષણ મુજબ તેના શરૂઆતના પ્રયત્નો સભ્ય રાષ્ટ્રોને તેમના પ્રલેખન, ગ્રંથાલય અને દફતર (Archives) સેવાના વિકાસમાં મદદ કરવા માટેના હતા, જે પાંચ દિશાઓમાં છે :

**(a) પ્રલેખન ગ્રંથાલય અને દફતર (Documentation, Library) સેવાઓના સિધ્ધાંતો અને માળખું (Principles and structure of )**

યુનેસ્કોએ તેના વિવિધ સિધ્ધાંતો દ્વારા પ્રલેખન, ગ્રંથાલય અને દફતર સેવાઓમાં યોગદાન પુરુ પાડ્યુ છે. યુનેસ્કોનો જાહેર ગ્રંથાલયો ઢંઢેરો (UNESCO Public Library Menifesto) એ જાહેર ગ્રંથાલયોને ઘણા સભ્ય રાષ્ટ્રો અને વિકસિત દેશોમાં જાહેર ગ્રંથાલયોને નવી છાપ અને વિસ્તૃત દિશા પૂરા પાડ્યા છે. યુનેસ્કોએ ઘણા સભ્યો રાષ્ટ્રો અને વિકસિત દેશામાં જાહેર ગ્રંથાલયોના વિકાસ માટે અસરકારતા ઊભી કરી છે અને સમુદાયને શિક્ષિત કરવામાં ગ્રંથાલયોની ભૂમિકા સ્પષ્ટ કરી છે.

યુનેસ્કો શિક્ષિણના મહત્વના સહાયક અને લોકોના વિવિધ સમૂહોમાં વાંચનટેવ ઊભી કરવાના આદર્શ સાધન તરીકે શાળા ગ્રંથાલયો તેમજ શૈક્ષણિક પ્રલેખન સેવાના મહત્વ સાથે બંનેમાં સ્વયં સંકળાયેલું છે.

વિશ્વવિદ્યાલય અને વિશિષ્ટ ગ્રંથાલયો સાથે સંબંધ છે તેમાં, યુનેસ્કોએ સભ્ય રાષ્ટ્રોમાં ગ્રંથાલયોની સેવાઓ સુધારવા માટે પરિસંવાદો, ધ્યેયલક્ષી ટેકનીકલ સહાય, અનુદાન, પ્રકાશનો જેવી કેટલીક પ્રવૃત્તિઓ શરૂ કરી છે. સભ્ય રાષ્ટ્રોમાં પેદા થતી માહિતી વિસ્ફોટની સમસ્યાઓને નાથવા તેમજ સતત વધતા વિજ્ઞાન - ટેકનોલોજીના સંશોધન માટે સરળ રસ્તો તૈયાર કરવા વૈજ્ઞાનિક અને ટેકનીકલ પ્રલેખન કેન્દ્રોને મદદરૂપ બનવામાં યુનેસ્કોનું યોગદાન રહ્યું છે. યુનેસ્કોએ સભ્ય રાષ્ટ્રોને રાષ્ટ્રીય માહિતી પધ્ધતિ (NATIS) સ્થાપવા ભલામણ પણ કરી છે. જે માહિતી સેવાઓમાં રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહકારનો પાયો રચવામાં મદદરૂપ બને છે.

**(b) પ્રલેખન, ગ્રંથાલય અને દફતરસેવાઓનું વૈશ્વીકરણ (Internationalisation of Documentation, Library and Archival Services)**

યુનેસ્કોએ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રય કક્ષાએ પ્રલેખન ગ્રંથાલય અને દફતર સેવાઓના વૈશ્વિકરણમાં વ્યાપક પ્રમાણમાં યોગદાન આપ્યું છે. તેણે માનવ બુધ્ધિની ઉપજને મૂર્તિમંત બનાવતા પ્રલેખન અને માહિતીના મુક્ત પ્રવાહમાં મદદ કરી છે. તેના આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંગઠનો જેવા કે FID, IFLA, અને ICA ને તેમની પ્રવૃત્તિઓના કાર્યક્રમને આગળ ધપાવવામાં સમર્થ બનાવવા માટે તેમની સાથે જોડાયા છે. વૈશ્વિક સ્તરે ઘણા આંતરરાષ્ટ્રીય પરિસંવાદો, કાર્યશાળાઓ, પરિષદો, અભ્યાસક્રમોનું આયોજન કર્યું છે. યુનેસ્કો ઘણા પ્રકાશન કાર્યક્રમોને સહાયતા અને નાણાં પૂરા પાડે છે.

ભલામણ પણ કરી છે. જે માહિતી સેવાઓમાં રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહકારનો પાયો રચવામાં મદદરૂપ બને છે.

**(c) વ્યવસાયિક તાલીમ (Protessional Trainning)**

વિકસતા અને અવિકસિત દેશોમાં લાયકાત ધરાવતા વ્યવસાયિક કર્મચારીઓનો અભાવ એ ગંભીર સમસ્યા છે. યુનેસ્કોએ આ સમસ્યાને અગ્રતાક્રમ આપ્યો છે, જેને પરિણામે કેટલાક વિશિષ્ટ અભ્યાસક્રમો, તજજ્ઞોની બેઠક, ગ્રંથાલયિત્વની શાળાઓમાં અધ્યાપકો માટે અભ્યાસક્રમોનું આયોજન વગેરે કાર્યો કર્યા છે, શિષ્યવૃત્તિઓની ગોઠવણ કરી છે તેમજ પ્રાદેશિક તાલીમ કેન્દ્રો પણ સ્થાપ્યા છે.

**(d) ગ્રંથ પ્રોત્સાહન (Book Promotion)**

મોટા ભાગના વિકસતા દેશોમાં સ્થાનિક ભાષાઓમાં ગ્રંથોનો અભાવ એ જાણીતી સમસ્યા છે. યુનેસ્કોએ આ સમસ્યાના અભ્યાસ માટે ઘણી સ્થાનિક બેઠકો યોજી છે જેના પરિણામે સભ્ય રાષ્ટ્રોની મદદથી પ્રાદેશિક ગ્રંથ પ્રોત્સાહન કેન્દ્રો - (Regional book promotion centre) અસ્તિત્વમાં આવ્યા છે.

**(e) ભાવિ (The Future)**

યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય સહકાર માટેના પ્રયત્નો વધાર્યો છે અને એ જ રસ્તે ભવિષ્યની તમામ પ્રવૃત્તિઓના વિકાસમાં પ્રત્યાયન અને કોમ્પ્યુટર ટેક્નોલોજી તેમજ તેના વિનિયોગ પર સૌથી વધારે ભાર મુકવામાં આવ્યો છે. કેટલાક અન્ય સોપાનોમાં યુનેસ્કો ગ્રંથ કુપનોની શરૂઆત,ગ્રંથો માટે ટપાલ વ્યવહારોમાં છૂટછાટ તેમજ વાઙ્મયસૂચિગત સેવાઓ અને સાધનોના વિકાસનો સમાવેશ કર્યો છે. રાષ્ટ્રીય અને પ્રાદેશિક કાર્યક્રમોમાં સુધારણા લાવવાનો પ્રવૃત્તિઓનો હેતુ, જેમાં તાલીમ કાર્યક્રમોના વિકાસ માટે સલાહ આપવા સલાહકારોને મોકલવા તેમજ પરિસંવાદો અને ઓપવર્ગો (refresher cources) શરૂ કરવામાં તેમજ સંચાલકોને ફરજના સમયગાળામાં તાલીમ આપવામાં અને ઉપભોક્તાઓ માટેના તાલીમ કાર્યક્રમો શરૂ કરવામાં ભાગીદાર બનવું વગેરેનો સમાવેશ થાય છે.

યુનેસ્કોએ ઘણી સંખ્યામાં પ્રકાશનો પ્રસિધ્ધ કર્યા છે તેમજ શિક્ષણનીતિ,

અભ્યાસક્રમ વિકાસ, દશ્ય-શ્રાવ્ય સામગ્રીનો ઉપયોગ અને ઉપભોક્તા શિક્ષણ જેવા વિવિધ વિષયો પર વિસ્તૃતપણે વહેંચણી કરી છે અને ઉપયોગ કરાવ્યો છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

1. વિકસતા દેશોના સંદર્ભમાં યુનેસ્કોના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને તેની શરૂઆતના સમયથી દર્શાવો

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**યુનેસ્કોની અદ્યતન ગ્રંથાલય પ્રવૃત્તિઓ (UNESCO's Current Library Activities)**

ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોની બદલતતી ભૂમિકા અને આધુનિક માહિતી ટેકનોલોજી, વિશેષ કરીને ઈન્ટરનેટના વિકાસે નવા વાતાવરણનું સર્જન કર્યું છે, જેણે જરૂરીયાતો પૂરી પાડવા નવા પરિમાણોમાં પરંપરાગત ગ્રંથાલયની ભૂમિકા તણાવ અનુભવે છે. આ વિચારને અનુલક્ષીને યુનેસ્કોએ 1990માં પ્રત્યાયન અને માહિતી (Communication and Information Sector CI) ની સ્થાપના કરી હતી.

**આ CI વિભાગના કાર્યક્રમના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે :**

- વિચારોના મુક્ત પ્રવાહ અને માહિતીની વૈશ્વિક પ્રાપ્તિને પ્રોત્સાહન પુરું પાડવું.
- માધ્યમો અને વિશ્વના માહિતી નેટવર્કમાં વધારે અભિવ્યક્તિની અને સાંસ્કૃતિક વિવિધતાને ઉત્તેજન પુરુ પાડવું.
- તમામને માહિતી પ્રત્યાયન ટેક્નોલોજીની પ્રાપ્તિ માટે પ્રોત્સાહિત કરવા, વધારામાં નિયમિત કાર્યક્રમોની સાથે, મુખ્યત્વે આફ્રિકા, આરબદેશો, એશિયા, પેસિફિક, લેટિન અમેરિકા અને કેરેબિયનમાં વધારાના બજેટ ફંડ સાથે **CI** વિભાગ વિવિધ આંતર પ્રાદેશિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય પ્રોજેકટોનો અમલ કરે છે.

**વિષયવસ્તુ સાથેની યુનેસ્કોની પ્રવૃત્તિઓ (UNESCO's Activities by Theme)**

- દફતરવિદ્યા (Archives)
- સમુદાય માધ્યમ (Communication Media)
- સમુદાય મલ્ટીમીડિયા કેન્દ્રો (Community Multimedia Centre)
- સર્જનાત્મક વસ્તુ (રેડિયો,ટીવી, વગેરે) (Creative Content, Radio, Tv, etc)
- શિક્ષણ અને માહિતી પ્રત્યાયન ટેકનોલોજી (Education and Information Communication Technologies)
- ઈ- વ્યવસ્થાપન (e-government)

- માહિતી સમાજ સંબંધી નૈતિક મુદ્દાઓ (Ethical Issues related to Information Society)
- અભિવ્યક્તિની સ્વતંત્રતા (Freedom of Expression)
- સ્વાયત્ પ્રેસ (Independant Press)
- માહિતી સમાજ (Information Society)
- સામુદાયિક વિકાસ માટે માહિતી (Information for Community Development)
- માહિતી સાક્ષરતા (Information Liferacy)
- માહિતી પ્રક્રિયા સાધનો (Legistaltion in Information Society)
- ગ્રંથાલયો (Libraries)
- માધ્યમ વિકાસ (Media Development)
- દસ્તાવેજી વારસાનું સંરક્ષણ (Preservation of Documentary - Heritage)
- અસમર્થ લોકો અને માહિતી પ્રસાર (People with disablities and ICT)
- જાહેર અધિકાર માહિતી (Public Domain Information)
- માહિતી ટેકનોલોજી સાધનસામગ્રીને ઉપયોગી બનાવવી (Recycling IT Equiipment)
- પ્રત્યાયન અને માહિતી તાલીમ (Communication and Information Training)
- યુવા અને માહિતીસમાજ (Youth and Information Society)

**પ્રદેશ / દેશ સાથેની યુનેસ્કોની પ્રવૃત્તિઓ (UNESCO's Activities by Region / Country)**

- આફ્રિકા
- એશિયા અને પેસિફિક
- આરબ દેશો
- યુરોપ અને ઉત્તર અમેરીકા
- લેટિન અમેરિકા / કેરેબિયન
- અન્ય દેશો

**યુનેસ્કોના નેટવર્ક કાર્યક્રમો (Networks of UNESCO)**

- MEDLIB- Internet based virtual library Network
- APIN - Asia and Pacific Information Network
- RINAF- Regional Information Society Network for Africa
- JOURNET- Global Network for education and Journalisam
- UNAL - UNESCO - Network for Assiociation Libraries
- INFOYOUTH - International Information and Data Exchange Network on Youth
- ACCESS-net - Association of Computer Centres for Exploiting Sustainable Synergy
- Heritage Net - The Electronic Network of Cultural In-

stitutions in Central Asia

- INFORLAC - Information Society Programme for Latin america and The Caribbean
- ORBICOM - International Network that Links Communications Leaders
- UNESCO Chairs / UNITWIN - The International Network of UNESCO Chairs in Communications

**યુનેસ્કોના કેટલાક નેટવર્કની વિગતો નીચે દર્શાવી છે :**

**ORBICOM** : આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે જે માહિતી આપ - લે માટે અને પ્રોજેક્ટના વિકાસ માટે શૈક્ષણિક સમૂહમાધ્યમ, નિગમ (corporate) અને સરકારી નેતાઓને પ્રત્યાયનથી જોડે છે.

**UNAL :** 1990 માં તેની સ્થાપના આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવવા જાહેર ગ્રંથાલયો વચ્ચે સહકારને ઉત્તેજન આપવા તેમજ ઉત્તર અને દક્ષિણના ગ્રંથાલયો વચ્ચે સંબંધ સ્થાપિત કરવા માટે થઈ હતી. UNAL : નો મુખ્ય ઉદ્દેશ યુનેસ્કોના મુક્ત ક્ષેત્રો જેવા કે માનવ અધિકાર અને શાંતિ, સંસ્કૃતિ સંવાદ, પર્યાવરણ સંરક્ષણ, નિરક્ષરતા સામેની ઝુંબેશ વગેરેમાં લોકો માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે ગ્રંથાલયોને ઉત્તેજન આપવાનો છે. વિશ્વના આશરે 500 થી વધારે ગ્રંથાલયો આ નેટવર્કના સભ્યો છે.

**APIN (Asia and Pacific Network) :** આ નેટવર્કમાં કેટલાક નેટવર્ક જેવા કે **Regional Network For Exchange of Information and Experiences in Science and Technology in Asia and Pacific (ASTINFO), The Regional Informatics network for South and Central Asia (RINSCA) :** ને ભેગા કરી દેવામાં આવ્યા છે. **APIN** એશિયા અને પેસિફિક પ્રદેશોમાં યુનેસ્કોના વિસ્તૃત પ્રોજેક્ટ General Information Programme (PGI) દ્વારા કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓને પણ આવરી લે છે.

**આંતર સરકારી કાર્યક્રમો (Inter Governmental Programmes)**

હાલમાં યુનેસ્કો પાસે પ્રત્યાયન અને માહિતી ક્ષેત્રમાં બે આંતર - સરકારી કાર્યક્રમો છે, જે 2000 સુધીમાં યુનેસ્કો દ્વારા અગાઉ હાથ પર ધરવામાં આવેલા તમામ કાર્યક્રમોને સ્થાને બદલાયેલા છે.

આ કાર્યક્રમ છે.

- **Information For all Proggramme (IFAP)**
- **International Programme for the Development of Comminication (IPDC) Information For All Programme (IFAP)**

**તમામ કાર્યક્રમો માટે માહિતી (Information For All Programme-IFAP) યુનેસ્કોનો તમામ કાર્યક્રમ માટે માહિતી યોજના આંતરરાષ્ટ્રીય નીતિની ચર્ચા અને તે ઉપર લેવાની ક્રિયાઓની ચર્ચા માટે મંચ પૂરો પાડે છે :**

- માહિતીનું સંરક્ષણ અને માહિતી વૈશ્વિક પ્રાપ્તિ
- દેખીતા તમામ વૈશ્વિક માહિતી સમાજમાં ભાગ લેવો
- **ICT** વિકાસના નૈતિક, કાયદાકીય અને સમાજલક્ષી પરિણામો

**IFAP** એ આંતરરાષ્ટ્રીય સહકાર અને આંતરરાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક ભાગીદારી માટેના માળખાને ઉત્તેજન પુરું પાડે છે. તે સામાન્ય વ્યૂહરચનાઓના વિકાસને, મુક્ત માહિતી સમાજ સ્થાપવા માટેની પધ્ધતિઓ અને સાધનોને ટેકો પૂરો પાડે

છે આ કાર્યક્રમ સમૃદ્ધ માહિતી સમાજ અને નિમ્નસ્તરના માહિતી સમાજ વચ્ચેના ખાલીપા (gap) ને ઓછો કરે છે.

IFAP એ યુનેસ્કોના ધ્યેયો, જેવા કે 'સૌને માટે શિક્ષણ', 'વિચારો અને જ્ઞાનની મુક્ત આપ લે', તેમજ 'લોકો વચ્ચે પ્રત્યાયનના સાધનોની વૃદ્ધિ', ની પૂર્તિ માટે મહત્વનું ઘટક છે.

પ્રત્યાયનના વિકાસ માટેનો આંતકરરાષ્ટ્રીય કાર્યક્રમ **International Proggramme for the Development of Communication (IPDC)-**

આ IPDC કાર્યક્રમ "વિકસતા દેશો અને જે દેશો સંક્રમણની સ્થિતિમાં છે તેમાં મુક્ત અને એક કરતા વધારે માધ્યમોને પ્રોત્સાહિત કરે છે." માધ્યમ વિકાસની મદદથી **IPDC** લોકોમાં પ્રત્યાયનલક્ષી અને પૃથક્કરણીય કુશળતાને મજબૂત બનાવે છે. તેમજ લોકશાહી વહીવટમાં તેમની ભાગીદારીની વૃદ્ધિ કરે છે **IDPC** પ્રેસ સ્વાતંત્ર્ય અને અનેકવિધ માધ્યમ, સમુદાય - માધ્યમોનો વિકાસ, વ્યાવસાયિક ક્ષમતાને વધારવી તેમજ માધ્યમ સુધારણા માટે ભાગીદારી ઊભી કરવી વગેરે પ્રકારના પ્રોજેક્ટને અગ્રતાક્રમ આપે છે.

આપણે જાણીએ છીએ કે માધ્યમો, સમાચારપત્રો, રેડિયો અથવા ટેલિવિઝન વગેરે લોકોને માહિતી આપતા અને તેમને આંતરક્રિયા કરવા પ્રેરતા રસ્તાઓ છે. "મુક્ત અને અનેકવિધ માધ્યમ સારી અને પ્રામાણિક સરકાર રચવામાં અને નફાકારક રોકાણના વિકાસમાં પરિણમે છે." તમામ પ્રકારના માધ્યમો લોકશાહી સમાજ રચના માટે જરૂરી છે તેવી જ રીતે આર્થિક વૃધ્ધિ માટે અને લોકશાહી પ્રક્રિયાના પોષણ માટે પણ અત્યંત મહત્વના છે. 'અનેકવિધ માધ્યમ એકલા કોઈને પણ જુદાપણુ કે પક્ષપાતભર્યુ વલણ રાખ્યા વિના તમામ સમુદાયને અભિવ્યક્તિની તક પૂરી પાડે છે'

ઘણા દેશોમાં અસમર્થ માધ્યમો લોકોને તેમની લોકશાહી આકાંક્ષાઓને વાચા આપવા માટે, માહિતી પ્રાપ્તિ અને હિસ્સેદારી માટે જીવનસુરક્ષાના નિર્ણયો તૈયાર કરવા માટે અવરોધો ઊભા કરે છે. યુનેસ્કોએ આ જરૂરીયાતોને અનુલક્ષીને તેમજ માધ્યમ વિકાસને વેગ આપવા 1980માં **Internatitional Programme for the Development of Communication (IPDC)** ની શરૂઆત કરી હતી.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

5, યુનેસ્કોના બે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો વર્ણવો

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### 9.3.2 યુનિસિસ્ટ (UNISIST - World Science Information System)

1973 માં યુનિસિસ્ટ કાર્યક્રમની શરૂઆત એ યુનેસ્કોના નવા તબક્કામાં ગ્રંથાલય, પ્રલેખન અને માહિતી ક્ષેત્રે સૂચક કાર્ય હતું. યુનિસિસ્ટ એ વૈજ્ઞાનિક અને ટેકનોલોજીની માહિતી પર ભાર મુકતું વિભાવનાયુક્ત માળખું હતું. "યુનિસિસ્ટનું

આયોજન સહકારના વર્તમાન પ્રવાહોના સંયોજન માટે વૈજ્ઞાનિક માહિતીમાં જરૂરી વિકાસ માટે પ્રેરક ભૂમિકા માટેના સતત ચાલતા પરિવર્તિત (Flexible) કાર્યક્રમ તરીકે કરવામાં આવ્યુ હતું. " તેનું મુખ્ય લક્ષ્ય સ્વૈચ્છિક સહકારના આધાર પર માહિતી પધ્ધતિઓ અને સેવાઓનું પરિવર્તિત અને મુક્ત નેટવર્ક સ્થાપિત કરવાનું છે.

યુનિસિસ્ટનો આંતર સરકારી પરિષદોનો કાર્યલક્ષી પ્રલેખ જે INISIST STUDY REPORT (1971) ના નામથી ઓળખાય છે. તેના વિસ્તૃત સિદ્ધાંત પર વિશ્વની વિજ્ઞાન માહિતી પધ્ધતિ આધારિત હતી. આ અહેવાલ મુજબ 'યુનિસિસ્ટ કાર્યક્રમ પ્રકાશિત વૈજ્ઞાનિક માહિતી અને વિશ્વના વૈજ્ઞાનિકો વચ્ચે ડેટાની વિઘ્ન રહિત આપ-લે, આદાન પ્રદાનમાં સુસંગતતાને પ્રોત્સાહન, સહકારી કરારો, સહકારી વિકાસ તેમજ તાલીમ પામેલી વ્યક્તિઓના વિકાસમાં જરૂરી ટેકનીકલ માનકો વિકસાવવા અને નિભાવવા, વૈજ્ઞાનિક માહિતીના પ્રવાહમાં ઊભા થતાં વ્યવસ્થાકીય અને કાયદાકીય અવરોધો ઘટાડવા તેમજ અત્યારની અને કાયદાકીય અવરોધો ઘટાડવા તેમજ અત્યારની અને ભાવિ સેવાઓની પ્રાપ્તિ ઈચ્છતા દેશોને સહાય આપવા સાથે સંકળાયેલો છે. '

UNISIST I, (1971), NATIS (1974) and UNISIST II (1979) ના નામથી ઓળખાતી ત્રણ આંતરસરકારી પરિષદોએ અનેક કાર્યક્રમોને માન્યતા આપેલી છે અને તેના અમલ માટે ઘણી ભલામણો તૈયાર કરી છે. આ કાર્યક્રમોનો ખરેખરો અમલ યુનેસ્કોના મધ્યસત્ર આયોજનો (UNESCO's Medium Term Plans) માં સમાયેલો છે.

### 9.3.3 PGI - General Information Programme (સામાન્ય માહિતી કાર્યક્રમ)

1976 માં સામાન્ય માહિતી કાર્યક્રમ (PGI) ને પ્રલેખન, ગ્રંથાલયો અને દફતરવિદ્યાના વિકાસ સંબંધી કાર્યક્રમ સાથે યુનિસિસ્ટમાં ભેળવી દેવામાં આવ્યો હતો. 30 સભ્ય રાષ્ટ્રોની આંતર સરકારી કાઉન્સીલ જે અગાઉ UNISIST Steering Committee તરીકે PGI ના આયોજન અને અમલમાં માર્ગદર્શન આપે છે. યુનિસિસ્ટ - II પરિષદ (1979) દરમ્યાન એ અનુભવાયું કે PGI ની રચનાને લીધે ઘણા બધા ફાયદાઓ થયા છે, ઉદાહરણ સભ્ય રાષ્ટ્રો સાથેના વ્યવહારમાંની અનેક વિસંગતતાઓ ઘટાડે છે. માળખાનો વિકાસ, શિક્ષણ અને વિકાસ તેમજ માહિતી પધ્ધતિઓના આયોજન અને વિકાસનો સંકલિત અભિગમ પૂરો પાડે છે. PGI એ તૈયાર કરેલ પાંચ ઉપ-કાર્યક્રમોના પ્રત્યેક કાર્યક્રમની પ્રવૃત્તિઓના પ્રકારો નીચે મુજબ છે.

**(I) માહિતીની પ્રક્રિયા અને ફેરબદલીના સાધનો (Tools for Processing and Transfer of Information)**

- ISO Standards Handbook 1 : Information Transfer 2nd ed 1982
- Reference Manual for Machine - Readable Bibliographic Descriptions, 2nded 1981
- Reference Manual for Machine Readable Descriptions of Research Project and Institutation, 1982.
- Common Communication Format, CCF, 3rd ed 1993.

**(II) ડેટાબેઝનો વિકાસ (Development of Databases)**

માહિતી ક્ષેત્રમાં ઉપયોગી શોધ યાદીઓ અને આંતરરાષ્ટ્રિય યાદીના સોફ્ટવેર પેકેજ જેવા અભ્યાસ અને માહિતીનો ઉપયોગ કરવામાં માઇક્રો કૉમ્પ્યુટરની પ્રયોજિતતા પ્રકાશિત થવા પામેલ છે. યુનેસ્કો દ્વારા વિકસાવેલ CDS/ISSI

(Computerised Documentation System / Integrated set of information System) નું Mini/Micro Version જે વિકસતા દેશોના નફો નહીં કરતા સંગઠનોને વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે છે.

PGI માળખા અંતર્ગત ડેટાબેઝના વિકાસ પરના 50 પ્રોજેક્ટ પણ હાથ પર ધરવામાં આવેલા છે જે સોફ્ટવેર સંબંધી સહાયતા, સલાહસેવા, સાધનસામગ્રી અને તાલીમ પૂરા પાડે છે.

**(III) પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહકારી યોજનાઓ (Regional and International Co-operative Schemes)**

સહકાર અને સ્રોતસામગ્રીની હિસ્સેદારીના ક્ષેત્રમાં PGI નો હેતુ માહિતી આપ - લે માટે રાષ્ટ્રીય સંપત્તિને મજબૂત બનાવવી તેમજ અનુભવ અને સ્રોતોની હિસ્સેદારી માટે રાષ્ટ્રીય સંપત્તિને મજબૂત બનાવવી તેમજ અનુભવ અને સ્રોતોની હિસ્સેદારી માટે અને પ્રાદેશિક પ્રવૃત્તિઓના સંકલન અને દષ્ટિબિંદુ માટે જરૂરી માળખુ ઊભુ કરવું. આવી પ્રાદેશિક યોજનાઓના ઉદાહરણો છે : ASTINFO - Regional Network for the Exchange of Information and Experience in Science and Technology in Asia and the Pasific તેમજ APINESS - Asia Pacific - Information Network in Social Sciences.

**(IV) રાષ્ટ્રીય માહિતી નીતિઓ અને માળખું (National Information Policies and Infrastructure)**

યુનેસ્કોએ આગ્રહ રાખ્યો છે કે પ્રત્યેક દેશમાં રાષ્ટ્રીય માહિતી નીતિના આધારભૂત માળખામાં માહિતી માળખું વિકસાવવું જોઈએ. આ દિશામાં 1974માં એક પ્રયત્ન થયેલોં. જ્યારે **'Information Policy Objectives', UNISIST Proposals'** પ્રલેખ તૈયાર કરવામાં આવ્યો. આ પ્રકાશન દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નીતિના 113 શક્ય હેતુઓ પૂરા પાડવામાં આવેલા. સંવર્ધિત માર્ગદર્શિકા **'Guidliness on National Information Policy : Scope, Population and Inplementation '** પણ પૂરી પાડવામાં આવેલી હતી.

**(V) માહિતી કાર્યભાર વિકાસ (Developing on Information Workforce)**

**PGI** કાર્યક્રમ હેઠળ માહિતી વિશેષજ્ઞો અને માહિતી ઉપભોક્તાઓ બંનેને તાલીમ આપવા માટે અગ્રતા આપવામાં આવી છે. તેનો ઉદ્દેશ છે - રાષ્ટ્રીય અને પ્રાદેશિક તાલીમ કાર્યક્રમોની સુધારણા, શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવી તેમજ શિક્ષકોને તાલીમ અને વિશેષજ્ઞોને ઓપવર્ગો **(Refresher Cources)** પૂરા પાડવા.

### 9.3.4 International Federation of Library Associations and Institution (IFLA)

ગ્રંથાલય મંડળો અને ગ્રંથાલયો વચ્ચે આંતરરાષ્ટ્રીય સંબંધોને પ્રોત્સાહિત કરવાના ધ્યેય સાથે 1927માં સ્કોટલેન્ડના એડીનબર્ગ ખાતે ઈફલાની શરૂઆત કરવામાં આવી હતી. આ બિનસરકારી વ્યવસાયિક સંઘ છે. આજે અગ્રણી આંતરરાષ્ટ્રીય અંગોમાનું તે એક છે જે ગ્રંથાલય અને માહિતી સેવાઓ અને તેમના ઉપભોક્તાઓના રસને પ્રકાશમાં લાવે છે. ગ્રંથાલય અને માહિતી વ્યવસાયિકોના પ્રશ્નોને વૈશ્વિક કક્ષાએ વાચા આપતું અંગ મનાય છે. વર્ષ 1971માં ઈફલાએ નેધરલેન્ડના હેગ શહેરમાં તેનું કાયમી સચિવાલય ઊભું કર્યું છે.

### ઈફલાના હેતુઓ (Objectives of IFLA )

તેના હેતુઓમાં આંતરરાષ્ટ્રીય સહકાર, ચર્ચા તેમજ ગ્રંથાલયના તમામ ક્ષેત્રોમાં થતાં સંશોધનોનો સમાવેશ કર્યો છે. તે ગ્રંથાલય મંડળો, ગ્રંથાલયો તેમજ ગ્રંથપાલો માટે વ્યવસાયિક મંચ પૂરો પાડે છે, પછી તે કોઈપણ પ્રકારનું ગ્રંથાલય હોય કે કોઈપણ પ્રકારની તેની વિશેષતા હોય. તે ગ્રંથાલય કાર્યના તમામ પાસાઓ સાથે સંબંધ ધરાવે છે અને તમામ દેશોમાં તેનું સભ્યપદ વધે તે માટે પ્રયત્નશીલ છે.

ઈફલા ગ્રંથાલય વ્યવસાયને વૈશ્વિક વાચા આપવા માટેની અધિકૃતતા ધરાવે છે. તેનું લક્ષ્ય - સાર્વત્રિક, વ્યાપક અને પ્રતિનિધિત્વ સ્થાન ઈફલા બંધારણની સાથે સાથે વ્યવસાયિક કાર્યક્રમોને દિશા પૂરી પાડે છે.

### માળખું (Structure)

ઈફલાનું માળખું લોકશાહી ઢબનું છે. જેમાં તેના સર્વોચ્ચ સ્થાને સમિતિ **(Council)** ની રચના કરેલી છે. સમિતિએ માન્ય કરેલ માર્ગદર્શિકા મુજબ ઈફલાની સંચાલકીય અને વ્યવસાયિક દિશા માટે વહીવટી વિભાગ જવાબદાર છે. વહીવટી વિભાગમા ચુંટાયેલા પ્રમુખ અને પ્રમુખ દ્વારા પ્રત્યક્ષ **(directly)** નિમવામાં આવતા 10 સભ્યો અને પરોક્ષ રીતે ચુંટાયેલા 9 સભ્યો તેમજ વ્યવસાયિક સમિતિમાંના આમંત્રિત 3 સભ્યોનો સમાવેશ થાય છે. આ વહીવટી વિભાગ કારોબારી સમિતિ અને વ્યવસાયિક સમિતિ સાથે સંબંધ ધરાવે છે.

ઈફલાની દોરવણી અને દેખરેખ મુજબ કારોબારી સમિતિ વહીવટી વિભાગ દ્વારા સોંપવામાં આવેલી વિશેષ જવાબદારીઓ નિભાવે છે. આ કારોબારી સમિતિમાં પ્રમુખ, ચુંટાયેલા પ્રમુખ, ખજાનચી, વ્યવસાયિક સમિતિના પ્રતિનિધિ, વહીવટી વિભાગના 2 સભ્યો અને ઈફલાના મુખ્ય સચિવનો સમાવેશ થાય છે.

વ્યવસાયિક સમિતિ મુખ્યત્વે ઈફલાની વિવિધ પ્રવૃત્તિઓના સંયોજનની કામગીરી કરે છે, જે મુખ્યત્વે વ્યવસાયિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોને ચલાવવા માટે જવાબદાર છે. આ સમિતિમાં અધ્યયન, ઈફલાના 8 વિભાગોમાંના પ્રત્યેકના એક પ્રતિનિધિ અને વહીવટી વિભાગના 3 સભ્યોનો સમાવેશ થાય છે.

### સભ્યપદ (Membership)

હાલ ઈફલા 155 દેશોના 1700 સભ્યો ધરાવે છે. તેમાં મતાધિકારી ધરાવતા બે પ્રકારના સભ્યો છે. - મંડળના સભ્યો અને સંસ્થાગત સભ્યો. આ સભ્યો સિવાય મતાધિકાર ન ધરાવતા સભ્યોની મહત્વની બે શ્રેણીઓ છે. વ્યક્તિગત જોડાણ અને સંસ્થા જોડાણ. ઈફલા માનદસભ્યો પણ ધરાવે છે.

### વ્યવસાયલક્ષી કાર્યક્રમ (Professional Programme)

ઈફલા બે પ્રકારના એકમો દ્વારા કાર્ય કરે છે. વ્યવસાયિક જૂથ (47 વિભાગો અને 4 ચર્ચા જૂથો, 8 વિભાગોમાં એકત્રિત કર્યા છે) અને 6 મહત્વના કાર્યક્રમો. વિભાગો અને ચર્ચા જૂથો એ મૂળભૂત વ્યવસાયિક સમૂહો છે જે ગ્રંથાલયોના ખાસ પ્રકાર અને ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રકાર સાથે સંબંધ ધરાવે છે.

### મહત્વના કાર્યક્રમો (Core Programme)

હાલ ગ્રંથાલય અને માહિતી વ્યવસાયને વધારે મહત્વ આપતા ઈફલાના છ મહત્વના કાર્યક્રમો છે. આ કાર્યક્રમનો એટલા માટે મહત્વના કાર્યક્રમો કહેવામાં આવે છે કારણ કે તે કોઈપણ સ્થળના તમામ ગ્રંથાલયો અને તેમના ઉપભોક્તાઓ સાથે સંબંધ ધરાવે છે. અને તેમના રસને પોષે છે. ઈફલાના છ મહત્વના કાર્યક્રમો છે. આ કાર્યક્રમોને એટલા માટે મહત્વના કાર્યક્રમો કહેવામાં આવે છે કારણ કે તે

કોઈપણ સ્થળના તમામ ગ્રંથાલયો અને તેમના ઉપભોક્તાઓ સાથે સંબંધ ધરાવે છે અને તેમના રસને પોષે છે. ઈફલાના ત્રણ મહત્વના કાર્યક્રમો છે : Universal Bibliographic Control and International MARC (UBCIM) (વૈશ્વિક વાઙ્મયસૂચિ નિયંત્રણ અને આંતરરાષ્ટ્રીય માર્ક), Universal Availablity of Publications (UAP) (પ્રકાશનોની વૈશ્વીક ઉપલબ્ધિ) અને Universal Dataflow and Tele-Communication (UDT) (વૈશ્વિક ડેટા પ્રવાહ અને દૂર પ્રત્યાયન) આ કાર્યક્રમોમાંએ વીસમી સદીના અંત સુધીમાં વ્યવસાય માટે મહત્વનો ફાળો આપેલો છે.

ગ્રંથાલય અને માહિતી વ્યવસાયના અદ્યતન વિકાસ અને આધુનિક ટેકનોલોજીના વિકાસને ધ્યાનમાં રાખીને ઘણા નવા મહત્વના કાર્યક્રમો ઉમેરવામાં આવ્યા છે. ઉપર દર્શાવેલા ત્રણ મહત્વના કાર્યક્રમોને અન્ય મહત્વના કાર્યક્રમો સાથે ભેળવી દેવામાં આવ્યા છે. આ કાર્યક્રમો છે :

(1) **Action for Development through Libraries Programme (ALP)** (ગ્રંથાલય કાર્યક્રમ દ્વારા વિકાસ માટેના પ્રયત્નો) 1984 માં શરૂ થયેલો The Advancement of Librarianship એ ALP કાર્યક્રમ હતો. પછીથી 2004માં તેનું નામ 'Action for Development through Libraries Programmes' બદલાયું. જો કે આમ છતાં તેનું ટૂંકાક્ષરી ALP નામ આજે પણ રહ્યું છે ALP નું લક્ષ્ય આફ્રિકા, એશિયા, એશિયાના, લેટિન અમેરીકા અને કેરેબિયનના વિકસતા દેશોના ગ્રંથાલય વ્યવસાય, ગ્રંથાલય સંસ્થાઓ તેમજ ગ્રંથાલય અને માહિતી સેવાઓને આગળ ધપાવવાનું છે. ALP એ વિશિષ્ટ ક્ષેત્રોને તેના લક્ષ્ય માટે ધ્યાનમાં લીધા છે : સતત શિક્ષણ અને તાલીમને મદદ કરવી ; ગ્રંથાલય મંડળોના વિકાસમાં સહયોગ આપવો ; સામાન્ય લોકો માટે ગ્રંથાલય અને માહિતી સેવાઓની શરૂઆત અને વિકાસને પ્રોત્સાહન આપવું ; સાક્ષરતાને પ્રોત્સાહન આપવું ; અને, ગ્રંથાલય સેવાઓઓમાં નવી ટેકનોલોજીને અપનાવવી. ALP ત્રીજા વિશ્વના દેશમાં સંઘની પ્રવૃત્તિઓ માટે ઈફલાની સાથે રહીને પ્રેરક કાર્યો કરે છે.

(2) **Commitee On Copyright and other Legal Matters (CLM)** (કોપીરાઈટ અને અન્ય કાયદાકીય બાબતોની સમિતિ)

ઈફલાની CLM દ્વારા પ્રતિનિધિત્વ કોપીરાઈટ ક્ષેત્ર સંબંધી દરકાર રાખવામાં આવે છે. CLM કોપીરાઈટ બાબતમાં આંતરરાષ્ટ્રીય ગ્રંથાલય સમુદાયોનો અવાજ રજૂ કરે છે. સમિતિમાં ચુંટાયેલા સભ્યો હોય છે જે તેમના દેશ અથવા પ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે. આ વિશેષજ્ઞો CLM ને ખાસ મૂલ્યવાન જ્ઞાન પૂરું પાડે છે. CLM ના રસના મુખ્ય ક્ષેત્રોમાં કોપીરાઈટ અને બૌદ્ધિક સંપદા (Intellectual Property) નો સમાવેશ થાય છે. આ સમિતિ અસરકારક ગ્રંથાલય સેવાઓ આપવામાં આર્થિક અને ધંધાકીય અવરોધો જેવી કાયદાકીય બાબતો સાથે પણ સંબંધ ધરાવે છે.

CLM એ World Trade Organisation ખાસ કરીને GAT ની પ્રવૃત્તિઓને પણ ધ્યાનમાં લે છે. WTO ની મહત્વની બેઠકમાં CLM એ ઈફલાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. CLM અન્ય પ્રાદેશિક ગ્રંથાલય મંડળો સાથે વિચારોની વહેંચણી તેમજ અન્ય કાયદાકીય બાબતો સાથે સંલગ્ન રહી કાર્ય કરે છે. ઉદાહરણ તરીકે, લાયન્સીંગ તેમજ કોપીરાઈટ કાયદા અને કોન્ટ્રાક્ટ કાયદા વચ્ચેનો સંબંધ, ગ્રંથાલય સામગ્રીની માલિકી સંબંધી વિવાદાસ્પદ દાવાઓ અને તેને સ્વદેશ પરત મોકલવા બાબત તેમજ બિન છેતરામણી (Anti - Circumvention) ટેકનોલોજીના મુશ્કેલ ક્ષેત્ર વગેરે

(3) **Committee On Free Access to Information and Freedom of Expression (FAIFE)** (માહિતીની મુક્ત પ્રાપ્તિ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા)

IFLA / FAIFE એ ઈફ્લાનો મહત્વનો કાર્યક્રમ છે, જે યુનાઈટેડ નેશન્સના માનવ અધિકારના વૈશ્વિક જાહેરનામાની કલમ 9 માં આપેલ વ્યાખ્યા મુજબ પાયાના માનવ અધિકારીને સમર્થન આપે છે અને પ્રોત્સાહન આપે છે. IFLA/FAIFE સમિતિ અને તેનું કાર્યાલય ગ્રંથાલયો અને ગ્રંથાલયત્વ સંબંધી પ્રત્યક્ષ કે પરોક્ષ તમામ પાસાઓમાં મુક્ત માહિતી પ્રાપ્તિ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને ટેકો પૂરો પાડે છે. આ કાર્યક્રમ વૈશ્વિક કક્ષાના ગ્રંથાલય સમુદાયની બૌધ્ધિક સ્વતંત્રતા દર્શાવવા પર દેખરેખ રાખે છે. અન્ય આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંઘો સાથે નીતિ વિકાસ અને સહકાર સાધવામાં ઈફ્લાને ટેકો આપે છે. તેમજ મુક્ત માહિતી પ્રાપ્તિ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના ભંગની પ્રતિક્રિયા દર્શાવે છે.

(4) **IFLA - CDNL - Alliance for Bibliographic Standards (ICABS)** (વાઙ્મયસૂચિય માનકો માટે ઈફ્લા - **CDNL** નું જોડાણ)

વૈશ્વિક વાઙ્મયસૂચિય નિયંત્રણ અને આંતરરાષ્ટ્રીય માર્ક (UBCIM) એ ઈફ્લાની મહત્વની પ્રવૃત્તિ છે. જે 2003ના અંત પહેલાં ત્રીસ વર્ષ શરૂ થઈ હતી. UBCIM નો ઉદ્દેશ હતો કે 'ઈફ્લાના ઉપયુક્ત વિભાગો અને પેટાવિભાગોની વ્યવસાયિક પ્રવૃત્તિઓના ટેકા સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વાઙ્મયસૂચિય ડેટાના વિનિમય માટે પધ્ધતિઓ અને વાઙ્મયસૂચિય નિયંત્રણ માટેના માનકોના વિકાસની થતી પ્રવૃત્તિઓનું સંકલન કરવું' UBCIB એ UNIMARC માળખાના વિકાસનું સંકલન કરે છે, તેમજ આંતરરાષ્ટ્રીય વાઙ્મયસૂચિગત અને માળખાના માનકો સંબંધી પ્રોજેક્ટ પરના અહેવાલો તેમજ સંબંધી મિટિંગો અને પરિસંવાદોની કાર્યવાહીઓના પ્રકાશનોને સુનિશ્ચિત કરે છે.

1973 થી 1979 દરમ્યાન બ્રિટીન લાયબ્રેરીએ અને ત્યારબાદ Die Deutsche Biblithek એ 1990 થી 2003 ની શરૂઆત સુધી UBCIM ની જવાબદારી લીધી હતી. The Bibliotheca National de Portugal એ UNIMARC એ ICBC (ઈફ્લાનું ત્રૈમાસિક સામયિક International Cataloguing and Bibliographic Control, જે પહેલાં UBCIM હતું) બંનેની જવાબદારી લીધી છે.

ICABS નું બીજુ અંગ તે અગાઉની મહત્વની પ્રવૃત્તિ તરીકે ઓળખાતો. Universal Dataflow and Telecommunication (UDT) કાર્યક્રમ છે. UDT એ નેટવર્ક સ્રોત શોધ, માહિતી પુનઃપ્રાપ્તિ, ડીજીટાઈઝેશન અને મેટાડેટાના ક્ષેત્રોમાં ડિજિટલ વાતાવરણમાં માનકોના અમલ તેમજ ટેકનોલોજીના વિશ્લેષણ અને પ્રોત્સાહનને ટેકો પૂરો પાડે છે. તે તેની શરૂઆતથી એટલે કે 1980 થી 2001 સુધી કેનેડાના રાષ્ટ્રીય ગ્રંથાલય (NLC) ખાતે ચલાવતામાં આવતો હતો. UDT એ ઈફ્લાના પ્રાથમિકના પ્રત્યાયન સાધન, IFLANET નો વિકાસ કર્યા છે અને જાળવ્યો છે, જે ઘણા વર્ષો સુધી NLC ખાતે ચાલતો હતો. IFLANET 2001 માં ફ્રાન્સના Institut de l'information Scientifque ખાતે ખસેડાયો હતો અને તે ICABS ની પ્રવૃત્તિના ભાગ તરીકે લાંબા સમય સુધી ન રહ્યો.

આ સિવાય Conference of Directors of National Libraries (CNDL) - રાષ્ટ્રીય ગ્રંથાલયોના અધ્યક્ષોની પરિષદે મહત્વની પ્રવૃત્તિઓને ટેકો અને નાણાં પૂરા પાડ્યા છે. તેણે હમણાં જ ડિજિટલ ગ્રંથાલય વિકાસનું ધ્યાન રાખવા CDNL Committee On Digital Issues (CDI) ની સ્થાપના કરી છે, ICABS ના ધ્યેયમાં વાઙ્મયસૂચિય માનકો અને ડિજિટલ સંરક્ષણ પરના સમિતિના કાર્યોને સામેલ કર્યું છે. ઓસ્ટ્રેલિયાનું રાષ્ટ્રીય ગ્રંથાલય, લાયબ્રેરી ઓફ કોંગ્રેસ, બ્રિટિશ લાયબ્રેરી, Kononiljke, Bibliotheek and Duetche Bibiliochek એ

Biblioteca National te Portugal, ઈફલા અને CDNL સાથે એકબીજાના સહકાર માટે ભેગા જોડાયા છે. જેઓ તમામ પ્રકારના સ્રોતો અને સંબંધી માળખા તેમજ માનકોના પાલન માટે વાઙ્મયસૂચિય અને સ્રોત નિયંત્રણના તમામ ક્ષેત્રોમાં ચાવીરૂપ પ્રવૃત્તિઓ માટે સહકાર વધારવા, પ્રત્યાયન ઉપરાંત ટેકો આપવા માટેના પ્રયત્નો કરે છે. આ નવા જોડાણને IFLA- CNDL Alliance For Bibliographic Standards (ICABS) થી ઓળખવામાં આવે છે.

આ જોડાણનું મુખ્ય કેન્દ્રિય દષ્ટિબિંદુ તે આંતરરાષ્ટ્રીય સહકાર વધારવા વ્યવહારલક્ષી રસ્તાઓ અપનાવવાનું તેમજ આ ચાવીરૂપ ક્ષેત્રોમાં વિકાસને આગળ ધપાવવાનું છે. જોડાણનું ધ્યેય આ છે "વાઙ્મયસૂચિય અને સ્ત્રોત નિયંત્રણને સંબંધી અમલમાં લેવાતા માનકો અને વિભાવનાઓને જાળવવા, આગળ ધપાવવા અને સુમેળ સાધવો, વાઙ્મયસૂચિય અને સ્રોતનિયંત્રણ માટે વ્યૂરચના વિકસાવવી, અને વીજાણુ સ્રોતોના, લાંબા ગાળાની જાળવણી સંબંધી મુદ્દાઓની વિશેષ સમજ જેમાં આવી જાળવણી માટે નવા અને ભલામણ કરેલા સંમેલનના પ્રોત્સાહનનો સમાવેશ થાય છે"

**(5) સંરક્ષણ અને જાળવણી (Preservation And Conservation - PAC)**

IFLA ની મહત્વની પ્રવૃત્તિઓમાંની સંરક્ષણ અને જાળવણી પ્રવૃત્તિ 1984માં શરૂ કરવામાં આવી હતી. PAC સંરક્ષણના મુદ્દા પરના પ્રયત્નો પર ભાર મૂકે છે તેમજ ગ્રંથાલય સામગ્રીઓના સંરક્ષણ માટે વિશ્વવ્યાપી સહકારની શરૂઆત કરી છે. PAC એ જ્યાં કેન્દ્રબિંદુ (Focus Point) વૈશ્વિક વ્યૂહરચનાનો અમલ કરે છે અને પ્રાદેશિક કેન્દ્રો તેમના વિશિષ્ટ પ્રદેશોમાં પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે ત્યાં વિકેન્દ્રિત રસ્તાઓનો એ વિચાર કર્યો છે. આ માટેનું કેન્દ્રબિંદુ કે જે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર પેરિસમાં Bibliotheque National da France (ફ્રાંસના રાષ્ટ્રીય ગ્રંથાલય) ખાતે છે જે આખા વિશ્વમાં પ્રાદેશિક કેન્દ્રો ધરાવે છે.

**6) IFLA UNIMARC (UNIMARC)**

IFLS UNIMARC એ International MARC ના ભાગ સંબંધી શરૂઆતની UBCIM Core Programme ની વારસ એવી મહત્વની પ્રવૃત્તિ છે. UNIMARC Core Activity નો હેતુ છે. :

"મૂળભૂત રીતે ઈફલા દ્વારા વાઙ્મયસૂચિય ડેટાના આંતરરાષ્ટ્રીય આદાન-પ્રદાનને સરળ બનાવવો શરૂ કરેલી Universal MARC (UNIMARC) માળખાના વિકાસ, જાળવણીની અને પ્રોત્સાહનના હેતુસર સંકલિત પ્રવૃત્તિ છે. UNIMARC ની જાળવણી અને સંવર્ધન માટે, હવે ચાર માળખાના સેટ - Bibliographic, Authorities, Classification અને Holdings ની જવાબદારી UNIMARC ની મહત્વની પ્રવૃત્તિ અન્યની સાથે સંયુક્ત રીતે જોડાયેલી છે જેમાં ઈફલાના વાઙ્મયસૂચિય નિયંત્રણ અને ICABS - IFLA / CNDL Alliance for Bibiliographic Standards and ISO, TC46 જેવા અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે સહકાર, ISBN and ISSN આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, ICA/ CDS Committee on Descriptive Standards and Consortium of European Research Libraries (CERL) વગેરે છે.

**વિભાગો અને પેટાવિભાગો (Divisions and Section)**

ઈફલા 8 વિભાગો ધરાવે છે, જે ગ્રંથાલયોના પ્રકારો, ગ્રંથાલય પ્રવૃત્તિઓ અને ઈફલાની પ્રાદેશિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે. તે આ પ્રમાણે છે.

(1) સામાન્ય સંશોધન ગ્રંથાલયો

(2) સામાન્ય લોકોને સેવા આપતા ગ્રંથાલયો

(3) વિશિષ્ટ ગ્રંથાલયો

(4) સંગ્રહ અને સેવાઓ
(5) વાઙ્મયસૂચિય નિયંત્રણ
(6) વ્યવસ્થાપન અને ટેકનોલોજી
(7) શિક્ષણ અને સંશોધન
(8) પ્રાદેશિક પ્રવૃત્તિઓ

આ આઠ વિભાગો ઈફલાના 47 પેટા વિભાગો દ્વારા કાર્યો હાથ પર ધરે છે.

(1) રાષ્ટ્રીય ગ્રંથાલયો
(2) વિશ્વવિદ્યાલયો અને અન્ય સામાન્ય સંશોધન ગ્રંથાલયો
(3) સરકારી ગ્રંથાલયો
(4) સંસદો માટે ગ્રંથાલય અને સંશોધન સેવાઓ
(5) સામાજીક વિજ્ઞાન ગ્રંથાલયો
(6) ભૌગોલિક અને નકશા ગ્રંથાલયો
(7) વિજ્ઞાન અને ટેકનોલોજી
(8) જાહેર ગ્રંથાલયો
(9) બિન-લાભાર્થી વ્યક્તિઓને સેવા આપતા ગ્રંથાલયો
(10) બાળકો અને યુવા વર્ગ માટેના ગ્રંથાલયો
(11) શાળા ગ્રંથાલયો અને સ્રોત કેન્દ્રો
(12) વાઙ્મયસૂચિય
(13) સૂચિકરણ
(14) પ્રલેખ પ્રાપ્તિ અને સંગ્રહ વિકાસ
(15) પ્રલેખ પ્રાપ્તિ અને સામગ્રીની હિસ્સેદારી
(16) સરકારી માહિતી અને સરકારી પ્રકાશનો
(17) ક્રમિક પ્રકાશનો અને અન્ય ચાલુ સ્રોતો
(18) અલભ્ય ગ્રંથો અને હસ્તપ્રતો
(19) સંરક્ષણ અને જાળવણી
(20) ગ્રંથાલયો ભવનો અને રાચરચિલું
(21) માહિતી ટેકનોલોજી
(22) આંકડા અને મૂલ્યાકંન
(23) શિક્ષણ અને જાળવણી
(24) ગ્રંથાલય સિધ્ધાંત અને સંશોધન
(25) આંફ્રિકા
(26) એશિયા અને ઓસિયાના
(27) લેટિન એમેરિકા અને કેરીબીયન
(28) સ્વાસ્થ્ય અને જીવવિજ્ઞાનોના ગ્રંથાલયો
(29) વર્ગીકરણ અને નિર્દેશીકરણ
(30) કળા ગ્રંથાલયો
(31) અંધજનો માટેના ગ્રંથાલયો
(32) મિશ્ર સંસ્કૃતિ ધરાવતા લોકોને ગ્રંથાલય સેવાઓ

(33) વાચન

(34) વ્યવસ્થાપન અને વેચાણકલા

(35) દશ્યશ્રાવ્ય અને મલ્ટીમીડિયા

(36) સંદર્ભ અને માહિતી સેવાઓ

(37) વંશાનુગત અને સ્થાનિક ઈતિહાસ

(38) ફરતા ગ્રંથાલયો

(39) સમાચારપત્રો

(40) ગ્રંથાલય મંડળોનુ વ્યવસ્થાપન

(41) સ્ત્રીઓના પ્રશ્નો

(42) માહિતી સાક્ષરતા

(43) સતત વ્યવસાયિક વિકાસ અને સ્થાનિક શિક્ષણ

(44) ગ્રંથાલય ઈતિહાસ

(45) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન સામયિકો

(46) મહાનગર ગ્રંથાલયો

(47) જ્ઞાન વ્યવસ્થાપન

આ ઉપરાંત ઈફલાએ 4 ચર્ચા જૂથો ઊભા કર્યા છે, જેમાં :

(1) કાયદા ગ્રંથાલયો

(2) નવા વ્યવસાયો

(3) ગ્રંથાલયોમાં ગુણવત્તાના મુદ્દા

(4) વીજાણુ - શિક્ષણ **(e-learning)**

**IFLANET**

વર્ષ 1993માં Universal Dataflow and TeleCommunication (UDT) દ્વારા ઈફલા નેટવર્કની શરૂઆત થઈ. તે માટે કેનેડાના રાષ્ટ્રીય ગ્રંથાલયે જવાબદારી ઉપાડી હતી. IFLANET અને તેની સેવાઓ આ માટે વિકસાવવામાં આવી. ઈફલા અને તેના એકમોના કાર્યક્ષેત્રમાં રહી પ્રત્યાયનમાં સુધાર લાવવો તેમજ દિવસના 24 કલાક અને અઠવાડિયાના સાત દિવસ સતત સંગઠન માટે તેની આભાસી હાજરી પૂરી પાડવી. IFLANET સામાન્ય વહીવટ કેન્દ્રિકરણ અને સ્વતંત્ર વેબસાઈટ તૈયાર કરવા માટેની નીતિ ઘડવા, સોંપણી માટે પ્રલેખ તૈયાર કરવાની પ્રક્રિયાઓ અને માર્ગદર્શિકાઓ પૂરી પાડવી તેમજ ઈફલા પ્રેરીત સરનામા સાથેની યાદીઓ તૈયાર કરવામાં મદદ કરવી વગેરે જવાબદારીઓ સંભાળે છે. હાલ INFLANET ની વહીવટી વ્યવસ્થા ઈફલાનું મુખ્ય મથક કરે છે. અને ફ્રાંસની Instutute de Information Scientifique et Technique (INISTs) તેની જવાબદારી સંભાળે છે.

વિકસતા પ્રદેશો માટે અનુદાન અને નાણાંકીય સહાય

(Grants and Funds for Developing Regions)

ઈફલાની કારોબારી સમિતિની નિશ્રા હેઠળ વિકસતા દેશોના વ્યવસાયિકોને કેટલુંક અનુદાન તેમદ સ્કોલરશીપ અને ફેલોશીપ આપવામાં આવે છે.

**પ્રકાશનો (Publications)**

ઈફલા તેના સભ્યોને કેટલાક પ્રકાશનો વિના મૂલ્યો પૂરા પાડે છે. આ પ્રકાશનો છે :

IFLA Journal (Quarterly) ;

IFLA Annual ; IFLA Trends (Biennial Report) ;

IFLA Medium Term Programme ; IFLA Statutes and Rules of Procedure ; Divisional and Sectional Newsletters.

આફ્રિકા, એશિયા અને ઓસિયાના તેમજ લેટિન અમેરિકામાં ઈફલાના પ્રાદેશિક કેન્દ્રો છે. ઈફલા દર વર્ષે વિશ્વના અલગ અલગ વિસ્તારોમાં વાર્ષિક સામાન્ય પરિષદ યોજે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

6 ઈફલાના ચર્ચા જૂથો કયા છે ?

7 **FLANET** વિશે ટૂંકનોંધ લખો

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

હવે આપણે 19મી સદીના અંતમાં શરૂ થયેલાં આંતરરાષ્ટ્રીય સંગઠન FID વિશે ચર્ચા કરીશું, જેણે સો વર્ષથી પણ વધુ સમય સુધી આપણા વ્યવસાય માટે ઘણો મોટો ફાળો આપ્યો છે. આમ છતાં વર્ષ 2002 થી અપૂરતા ફંડને કારણે એફ.આઈ.ડી. ની પ્રવૃત્તિઓ સ્થગિત કરી દેવામાં આવી છે. આમ છતાં આ સંગઠન આજે પણ તેના નામ સાથે અસ્તિત્વમાં છે. FID એ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો સંબંધી વિવિધ પ્રવૃત્તિઓમાં મુખ્ય ભૂમિકા ભજવી છે અહીં અમે આ સંગઠન કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું અને તેની પ્રવૃત્તિઓ સ્થગિત કરી ત્યાં સુધીની તેની મુખ્ય પ્રવૃત્તિઓ વિશે ટૂંકમાં વર્ણન કરીશું. અહીં, એ નોંધવું જોઈએ કે FID આજે કાર્યરત ન હોવા છતાં તેની વર્ગીકરણ પધ્ધતિ (Universal Decimal Classification - UDC) આજે પણ સક્રિય છે. UDC 1990 માં સ્વતંત્ર Consortium બની.

### 9.3.5 International Federation for Information and Documentation (FID)

એફ.આઈ.ડી. પ્રલેખનકારો, માહિતી વૈજ્ઞાનિકો અને અન્ય વિશિષ્ટ માહિતી વ્યવસ્થાપકો માટેનું આંતરરાષ્ટ્રીય વ્યવસાયિક મંડળ હતું. The Internation Federation for Information and Documentation (1986 માં તેના નામ સાથે માહિતી શબ્દ ઉમેરાયો, પરંતુ તેનું ટૂંકાક્ષરી નામ FID ચાલુ રાખ્યું છે ) ની શરૂઆત પોલ ઓટલેટ અને હેનરી લા ફોન્ટેન દ્વારા 1985 માં Institute International de Bibliographie (IIB) તરીકે કરેલી, જેનું નામ 1930માં બદલાઈને International Federation for documentation થયુ હતું આ મહામંડળની શરૂઆત સમયે તેનો મુખ્ય હતો. 'જ્ઞાનના વિશ્વવ્યાપી ભંડારમાં વાઙ્મયસૂચિય નોંધોની પ્રાપ્તિ અને ક્રમિક ગોઠવણી માટે Dewey Decimal Classification પરથી Universal Demical Classification (MDC) ને વિકસાવવી' વૈશ્વિક વાઙ્મયસૂચિ ભંડાર પ્રોજેક્ટ નિષ્ફળ ગયો પરંતુ IIB અને FID નું બીજ રોપીને તેના વિકાસ માટેનો તેમજ વર્ગીકરણની મુખ્ય પધ્ધતિ મનાતી આજની UDC ના વિકાસ માટેનો મૂલ્યવાન વારસો મૂકી ગઈ હતી.

FID 1924 માં મહામંડળ બન્યું અને 1959માં વૈજ્ઞાનિક, કલાકારીગરી અથવા શૈક્ષણિક લક્ષ્યને અનુસરી આંતરરાષ્ટ્રીય બિન - નફાકારક મંડળને કાયદેસર બનાવવા બેલ્જીયમ કાયદા હેઠળ આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંગઠન તરીકે તેને કાયદેસરનો દરજ્જો પ્રાપ્ત થયો. 1928માં તેનુ મુખ્ય મથક હેગ ખાતે ખસેડવામાં આવ્યું. બીજા વિશ્વયુધ્ધ પછી તેના સભ્યોની સંખ્યામાં વધારો થયો અને પ્રવૃત્તિઓનો વ્યાપ પણ વધ્યો.

**હેતુઓ (Objectives)**

FID ના હેતુઓમાં છે : 'વિજ્ઞાન, ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાનો અને માનવવિદ્યાના તમામ ક્ષેત્રોમાં પ્રલેખન, માહિતીવિજ્ઞાન અને માહિતી સંચાલનના સંશોધન અને વિકાસને આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા ઉત્તેજન પૂરુ પાડવુ આંતરરાષ્ટ્રીય સ્તરે FID એ વિચારો અને અનુભવોના આદાન-પ્રદાન માટે વૈશ્વિક મંચ પૂરો પાડયો છે તેમજ માહિતી વિજ્ઞાન અને પ્રલેખનના ક્ષેત્રમાં તેમના પ્રયત્નોનું સંકલન કરવા સંગઠનો અને વ્યક્તિઓને તક પૂરી પાડે છે.

**સભ્યપદ (Membership)**

FID ના સભ્યોમાં રાષ્ટ્રીય સભ્યો, આંતરરાષ્ટ્રીય સભ્યો, જોડાણ ધરાવતા સભ્યો અને માનદ્ સભ્યોનો સમાવેશ થાય છે. પ્રત્યેક સભ્ય દેશમાંની કોઈપણ નક્કી કરેલી એક સંસ્થાને રાષ્ટ્રીય સભ્યપદ આપવાની મર્યાદા રાખેલી છે. ભારત માટેનું રાષ્ટ્રીય સભ્ય અગાઉનું INSDOC (હાલનું NISCAIR) હતું. તમામ સભ્યો, જોડાણ ધરાવતા સભ્યો FID ના કાર્યક્રમોમાં સક્રિય હતા તેમજ FID ની વિવિધ સમિતિઓની કામગીરીમાં પોતાના રસની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા.

**એફ.આઈ.ડી. ના કાર્યરત એકમો (Operational Units FID)**

FID નું સામાન્ય સચિવાલય UDC ના કાયમી સચિવાલયની સાથે સાથે મહામંડળની વ્યવસ્થાકીય અને સંગઠનાત્મક મુખ્ય - મથક તરીકે સેવા પૂરી પાડે છે. મુખ્ય અધ્યક્ષ સામાન્ય સચિવાલયનું સંચાલન કરે છે.

FID ના શાસક અંગો હતા - સામાન્યસભા, વહીવટી સમિતિ અને કારોબારી સમિતિ. સામાન્ય સભા ઉચ્ચ સ્તરની સત્તા હતી. તે દર બે વર્ષે મળતી અને તેના સત્રો મંડળો, સંસ્થાઓ સાથેનો સંપૂર્ણ હક્ક ધરાવતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સભ્યો તેમજ વ્યક્તિગત જોડાયેલા અને સામાન્ય સભાનું માનદ્ સભ્યપદ ધરાવતા હોય પરંતુ મતાધિકાર ન ધરાવતા હોય તે સૌ માટે ખુલ્લા રહેતા.

વહીવટી સમિતિ (Council) માં પ્રમુખ, ત્રણ ઉપપ્રમુખો, ખજાનચી, બાર કાઉન્સેલરો અને એક કારોબારી અધ્યક્ષનો સમાવેશ થતો.

**નાણાંકીય વ્યવસ્થા (Finances)**

FID ના નાણાં સભ્ય પદ ફી, એફ.આઈ.ડી.ના પ્રકાશનોના વેચાણ, પુરસ્કાર (Royalties) તેમજ ડચ સરકાર અને યુનેસ્કો તરફથી પ્રાપ્ત થતાં હતા.

એફ.આઈ.ડી.ની વ્યવસાયિક પ્રવૃત્તિઓ (FID's Professional Activities)

FID ની પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી ત્યાં સુધીના તે સમયે વ્યવસાયિક કાર્યક્રમો નીચે મુજબના હતા :

**(a) લક્ષિત જૂથ (Targert Group)**

**1990** માં **FID** ના મુખ્ય લક્ષિત જુથ તરીકે આધુનિક માહિતી વ્યવસાયિકો

અને ઉપભોક્તાઓ નક્કી થયેલાં હતા.

"બદલાતી સમાજવ્યવસ્થા અને માહિતી વ્યવસાયિકોના રસને પડકારની આર્થિક પરિસ્થિતિ, ભૂમિકાઓમાં વિવિધતા અને નવી કારકિર્દી **(careers)** એ પૂર્વ દાયકાઓમાં બદલાવ આણ્યો છે" તેથી જ **FID** ના તમામ રસના ક્ષેત્રો, પ્રોજેક્ટ અને વ્યવસાયિક સમૂહો આ રસના ક્ષેત્રોના વિકાસના ચાલક બન્યા હતા.

**(b)** વ્યવસાયિક કાર્યક્રમ **(Professional Programme)**

**FID** ના વ્યવસાયિક કાર્યક્રમો ગતિશીલ વ્યવસાયની જરૂરીયાતોને પહોંચી વળવા વિકસાવ્યા હતા. **FID** ની વ્યવસાયિક પ્રવૃત્તિઓ અને કાર્યોને છ મુખ્ય કાર્યક્રમ ક્ષેત્રના જૂથમાં વહેંચવામાં આવ્યા હતા :

**(I)** વ્યવસાય, નાણાં અને ઔદ્યોગિક માહિતી

**(II)** માહિતી નીતિ

**(III)** માહિતી વિજ્ઞાન

**(IV)** ઉપયુક્ત માહિતી ટેક્નોલોજી

**(V)** માહિતી પ્રક્રિયાઓ અને ઉપજો

**(VI)** માહિતી વ્યવસ્થાપન

**(c) FID** ના પ્રવૃત્તિઓ અને કાર્યો **(Activities and Functions of FID)**

**(I)** પરિષદો અને પરિસંવાદો

**(II)** પ્રકાશનો

**(III)** પ્રોજેક્ટ

**(IV)** શિક્ષણ અને તાલીમ

**(V)** ગ્રંથાલય નેટવર્ક

(VI) સલાહ સેવા (Consultancy)

ઉપર દર્શાવેલ વિવિધ વ્યવસાયિક પ્રવૃત્તિઓ સિવાય, વિવિધ કાર્યક્રમોને હાથ ધરવા માટે FID એ કારોબારી સલાહ સમૂહો (Council Advisory Groups), પ્રાદેશિક આયોગો (Regional Commission), સમિતિઓ (FID Committees) અને વિશિષ્ટ રસ ધરાવતા સમૂહો (Special Interest Groups) ની નિમણૂંક કરેલી. તેઓ વિશ્વના વિવિધ પ્રદેશોમાંના ગ્રંથાલયો, પ્રલેખન અને માહિતી પ્રવૃત્તિઓનું તેમજ વિવિધ વિષયક્ષેત્રો અને આ વ્યવસાયના રસના સંબંધી વિષયો / ક્ષેત્રોનું ધ્યાન રાખતા હતા.

અહીં, એ ફરીથી જણાવીએ છીએ કે FID/UDC સમિતિએ Universal Decimal Classification (UCD) ના વિકાસ માટે લાંબા સમય માટે સેવાઓ આપેલી અને ત્યારબાદ તેને Universal Decinial Classification Consortium થી સંવર્ધિત કરી, જે આજે સ્વતંત્રપણે કાર્યરત છે. જો કે FID લાંબો સમય કાર્યરત ન રહી હોવા છતાં UDC આજે સક્રિય છે. સમગ્ર વિશ્વના માહિતી વ્યવસ્થાપકો એ આશા રાખે છે કે જો માહિતી સમુદાયના લાભ માટે કેટલીક સહાય કરતી / નાણાં પૂરી પાડતી એજન્સીઓ તેને ફરીથી ચેતનવંતી બનાવવા આગળ આવે તો નજીકના ભવિષ્યમાં એફ.આઈ.ડી. કાર્યરત બની શકશે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

8 એફ.આઈ.ડી. બંધ થઈ તે સમયની તેની પ્રવૃત્તિઓ અને કાર્યોની યાદી તૈયાર કરો.

7 **FLANET** વિશે ટૂંકનોંધ લખો

નોંધ : **(I)** નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

**(II)** એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

### 9.3.6 International Council for Science (ICSU) (વિજ્ઞાન માટેની આંતરરાષ્ટ્ર્ય પરિષદ)

ICSU એ બિનરાજકીય સંગઠન છે. તેની સ્થાપના 1931માં માનવજાતિના લાભ માટે International Council of Scientific Unions નામથી થઈ હતી. વિચારોના આદાન-પ્રદાન, વૈજ્ઞાનિક માહિતીના પ્રત્યાયન અને પધ્ધતિ, પરિભાષા અને એકમોમાં માનકોના વિકાસના હેતુસર તેની સ્થાપના કરવામાં આવી હતી. ICSU નું બીજું લક્ષ્ય હતું. માનવજાતના લાભ માટે આંતંરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક વૃત્તિઓને ઉત્તેજન પૂરું પાડવું.

સમાજના લાભ માટે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનને મજબૂત બનાવવાના હેતુસર ICSU એ વિજ્ઞાન સમાજના મહત્વના મુદ્દાઓને ઓળખવામાં અને દર્શાવવા માટે આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સમુદાયના જ્ઞાન અને સ્રોતોને તૈયાર કરવા, સમગ્ર વિશ્વની તમામ વિદ્યાશાખાઓના વૈજ્ઞાનિકો વચ્ચે આંતરક્રિયા સરળ બનાવવી, વિવિધ વૈજ્ઞાનિકો પ્રયત્નોમાં રોકાયેલા વૈજ્ઞાનિકોની સહભાગિતાને પ્રોત્સાહન આપવું અને સમાજના લાભમાં વૈજ્ઞાનિક સમુદાયને ઉત્તેજન મળી રહે તે માટે સલાહ પૂરી પાડવી વગેરે મુદ્દાઓનો સમાવેશ કર્યો છે.

ICSU એ 130 સભ્યોનું વૈશ્વિક સભ્યપદ ધરાવે છે. તેમાં રાષ્ટ્રીય વૈજ્ઞાનિક મંડળોના 27 સભ્યોનો સમાવેશ થાય છે. ICSU આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન માટે અને નીતિ વિષયક (પોલીસી) મુદ્દાઓની ચર્ચા કરવા માટેનો મંચ પૂરો પાડે છે. આ ધ્યેયને પહોંચી વળવા માટે તે નીચેની પ્રવૃત્તિઓ હાથ પર ધરે છે. :

- વિજ્ઞાન અને સમાજ બંને મુદ્દાઓને સ્પર્શતા આંતરવિષયી સંશોધનનું સંયોજન
- વૈજ્ઞાનિક માહિતીનું પ્રત્યાયન, વૈજ્ઞાનિક માનકોનો વિકાસ, વિચારોના આદાન-પ્રદાન માટેના કેન્દ્રિયબિંદુ તરીકે કાર્ય કરવું.
- વૈજ્ઞાનિક વ્યવસ્થાપનની સ્વતંત્રતા માટે, વૈજ્ઞાનિક ડેટા અને માહિતીની ન્યાયી પ્રાપ્તિના પ્રોત્સાહન માટે સક્રિયપણે સમર્થન પૂરું પાડવુ
- સમગ્ર વિશ્વમાં દર વર્ષે વૈજ્ઞાનિક પરિષદો, ચર્ચાસભા અને ચર્ચા પરિષદ યોજવામાં સહાયતા આપવી.
- વિશાળ સંખ્યામાં વૈજ્ઞાનિક ન્યુઝલેટર, હેન્ડબુક, વિદ્યુત વિજ્ઞાન અને સમાજ વચ્ચેની કડીને પ્રેરણા આપવાના તેના ધ્યેયને પહોંચી વળવા ICSU વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો, વિશેષ કરીને United Nations Organisasions સાથે કાર્ય કરવા માટેની ભાગીદારી જાળવે છે.

ICSU તેના સભ્યરાષ્ટ્રોને યુનેસ્કો તરફથી મળતી નાણાંકીય સહાય દ્વારા સૂચિત પ્રોજેક્ટોને વાર્ષિક અનુદાનની સહાયતા પૂરી પાડે છે.

ICSU ના બે પ્રકાશનો છે : ICSU Yearbook અને ICSU Bulletin (ત્રૈમાસિક)

ICSTI - International Council for Scientific and Technical Information (વૈજ્ઞાનિક અને ટેકનીકલ માહિતીની આંતરરાષ્ટ્રીય પરિષદ)

વર્ષ 1952માં વિશ્વના વૈજ્ઞાનિકો અને ટેકનોલોજી ક્ષેત્ર વચ્ચેના માહિતી પ્રવાહમાં સુધારો લાવવા વૈજ્ઞાનિક અને ટેકનીકલ સારકરણ અને નિર્દેશીકરણ સેવાઓના આંતરરાષ્ટ્રીય મંચ તરીકે ICSU Abstracting Board (ICSU-AB) નું સ્થાન ICSTI - International Council for Scientific and Technical Information એ લીધું, જેના સભ્યો તરીકે આશરે 50 સંગઠનો જોડાયા છે.

ICSU નું ICSTI એ વૈજ્ઞાનિક અને ટેકનીકલ માહિતીના સર્જન પ્રસાર અને ઉપયોગ માટે સંગઠનો વચ્ચે આંતરરાષ્ટ્રીય કરવા માટેનો મંચ પૂરો પાડે છે. ICSTI નું ધ્યેય વૈજ્ઞાનિક અને ટેકનીકલ વિષયોમાં મદદરૂપ બનવાનું અને તેના સભ્ય સંગઠનોને સાચા વૈશ્વિક સમુદાયનો લાભ આપવાનું છે.

**ICSTI નો હેતુ છે :** 'વિશ્વના આર્થિકી, સંશોધન, વિદ્યતા અને સામાજીક પ્રગતિ માટે જરૂરી વૈજ્ઞાનિકો અને ટેકનીકલ માહિતીના મૂલ્યને ઓળખવામાં નેતૃત્વ પુરું પાડવું ; આંતરરાષ્ટ્રીય સ્તરે માહિતીના આદાન-પ્રદાન અને અનુભવોની વહેંચણી દ્વારા વેપાર, ઉદ્યોગ, શૈક્ષણિક સમુદાય, સરકાર અને જાહેર જનતામાંના તમામ ઘટકો માટે પ્રાપ્તિની નિશ્ચિતતા અને જનતામાંના પ્રાપ્તિ ; તેમજ માહિતી પ્રવાહમાં તમામ ભાગ લેનારાો આંતરરાષ્ટ્રીય કરી શકે તે માટેનો મંચ પૂરો પાડવો.'

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

9 **ICSTI** નું મુખ્ય લક્ષણ જણાવો

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

### 9.3.7 Committee on Data For science and Technology (CODATA)

CODATA એ International Council for Science (ICSU) ની આંતરવિષયી વૈજ્ઞાનિક સમિતિ છે. 1972માં સ્થપાયેલી ICSU ની આંતરવિષયી વૈજ્ઞાનિક સમિતિનો હેતુ હતો : "વૈશ્વિક સ્તરે વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધી મહત્વના વિશ્વસનીય આંકડાકીય ડેટાના સંકલન, મૂલ્યાકંન અને પ્રસારને પ્રોત્સાહન અને ઉત્તેજન પૂરા પાડવા."

CODATA નું લક્ષ્ય છે - વિજ્ઞાન અને ટેકનોલોજીના તમામ ક્ષેત્રોના મહત્ત્વના ડેટાની ગુણવત્તા, વિશ્વસનીયતા, સંચાલન અને પ્રાપ્તિમાં સુધારો લાવવો. તેથી CODATA એ એવો સ્રોત છે જે વૈજ્ઞાનિકો અને ઈજનેરોને જાગરૂકતા વધારવા, સીધા સહકાર અને નવા જ્ઞાન માટે આંતરરાષ્ટ્રીય ડેટા પ્રવૃત્તિઓની પ્રાપ્તિ પૂરી પાડે છે. હાલ, તેમાં સભ્યો તરીકે 23 દેશો અને 24 રાષ્ટ્રીય પ્રતિનિધિ સભ્યો અને સમિતિઓ છે.

CODATA એ મૂળભૂત રીતે ભૌતિકશાસ્ત્રો, જીવવિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર, ખગોળવિદ્યા, ઈજનેરી, પર્યાવરણ વિજ્ઞાન, પરિસ્થિતિ વિજ્ઞાન (ecology) અને અન્યનો સમાવેશ કરતા વિજ્ઞાન અને ટેકનોલોજીના દરેક ક્ષેત્રમાં પ્રયોગાત્મક પરિમાણો, નિરીક્ષણો અને ગણતરીઓ પરથી તારવેલા તમામ પ્રકારના

પરિણામલક્ષી ડેટા સાથે સંબંધ ધરાવે છે. વિવિધ વિષયોની ડેટા સંચાલન સમસ્યાઓ અને ડેટા ઉપયોગના બહારના ક્ષેત્રો કે જ્યાંથી ડેટાનું સર્જન થાય છે તેને ખાસ મહત્ત્વ આપે છે.

**હેતુઓ (Objectives) :**

CODATA ની સ્થાપનાનો મુખ્ય હેતુ ડેટા અને સંબંધી પ્રવૃત્તિઓ વિશે જ્ઞાનના વિકાસ અને હિસ્સેદારી દ્વારા સંવર્ધિત અને ઉચ્ચસ્તરીય વિજ્ઞાન અને ટેકનોલોજીને મદદરૂપ થવાનો છે. તેના હેતુઓ આ છે :

- વિશેષ કરીને વિકસતા દેશોને ધ્યાનમાં રાખીને, ડેટાની ગુણવત્તા અને પ્રાપ્તિની સાથે સાથે ડેટા પ્રાપ્તિ, વ્યવસ્થા, પૃથક્કરણ અને મૂલ્યાકંનની પધ્ધતિઓને સુધારવી ;
- ડેટા એકત્રીકરણ, જાળવણી અને ઉપયોગ વચ્ચે આંતરરાષ્ટ્રીય સહકાર સરળ બનાવવો ;
- આ પ્રવૃત્તિઓ વિશેની મહત્વના વૈજ્ઞાનિક અને ટેકનીકલ સમુદાયમાં જાગરૂકતા વધારવા માટે ઉત્તેજન પૂરુ પાડવું ;
- ડેટા પ્રાપ્તિ અને બૌધ્ધિક સંપદા મુદ્દાઓને ધ્યાનમાં લેવા.

**પ્રવૃત્તિઓ (Activities)**

ઉપર દર્શાવેલા હેતુઓને પહોંચી વળવા **CODATA** નીચે દર્શાવેલા મુખ્ય ચાર પ્રવૃત્તિઓ હાથ પર લે છે. :

(1) ડેટા વિષયક દર બે વર્ષે ભરાતી **CODATA** આંતરરાષ્ટ્રીય પરિષદ કે જેમાં સમગ્ર વિશ્વના ડેટા વિશેષજ્ઞો ભાગ લે છે. તેને સહાયતા પૂરી પાડવી.

(2) વૈજ્ઞાનિક ડેટા વિશેષજ્ઞોની બેઠક કરવી ;

(3) ડેટા વ્યવસ્થા, ડેટા સંકલન, ડેટા પ્રવૃત્તિઓના, સર્વેક્ષણો અને પરિષદ કાર્યવાહીઓ પર પ્રકાશનો કરવા.

(4) **Task Groups, Working Groups, Commissions** અને વિશિષ્ટ ડેટા મુદ્દાઓ વિશે કામગીરી કરતા જૂથોને સહાયતા પૂરી પાડવી,

**વિશિષ્ટ ડેટા મુદ્દાઓમાં :**

- એક કરતા વધારે દેશોના ડેટા પ્રોજેક્ટનું સંયોજન,
- ડેટા આદાન-પ્રદાન, હિસ્સેદારી અને સુસંગતતાને વધારતા માનાકોના માળખા સ્થાપિત કરવા.
- પ્રાથમિક કક્ષાના સાહિત્ય અથવા દફતરીય ડેટાબેંક ( Archival Databank) માંના ડેટાને પ્રદર્શિત કરવા માર્ગદર્શન આપવું.
- વિશ્વસનીય ડેટાના સ્રોતો પરથી માહિતી મોકલવી,
- શિક્ષણ અને તાલીમ
- આંતરરાષ્ટ્રીય ઉપયોગ માટે સુંસગત ચાવીરૂપ ડેટા સેટ તૈયાર કરવા ઈચ્છનીય
- પરિષદો અને કાર્યશાળાોનું આયોજન

**કાર્યો (Functions)**

સભ્ય દેશોમાં ડેટા પ્રવૃત્તિઓ વિશે જ્ઞાન વહેંચવા માટે CODATA નીચે મુજબના કાર્યો કરે છે અને તેનું સંયોજન કરે છે :

- Task Groups ઊભા કરવા
- કાર્યજૂથો (Working Groups)
- રાષ્ટ્રીય સભ્ય પ્રવૃત્તિઓ
- પરિષદો

- કાર્યશાળાઓ
- પ્રોજેક્ટ હાથ પર લેવા
- પ્રકાશનો
- સમાન રસ ધરાવતા અન્ય સંગઠનો સાથે સહકાર

પ્રકાશનો (Publications)

CODATA કેટલાક પ્રકાશનો હાથ ધરે છે. જેમાં, CODATA Newsletter, પરિષદ કાર્યવાહીઓ, ગ્રંથો, વિષયલક્ષી પુસ્તિકાઓ (Monographs), CODATA પ્રવૃત્તિઓ પરના વિશિષ્ટ અહેવાલો અને વિવિધ વિષયક્ષેત્રોમાં CODATA Bulletings.

CODATA સચિવાલયનું હાલનું સરનામું છે :

51, Boulevard de Montmorency, 75olb, Paris, France

❖ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expericise)**

**9** **CODATA** ની સ્થાપનાના ઉદ્દેશો લખો

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 9.4 વિશિષ્ટ સંગઠનો (SPECIAL ORGANISATIONS)

આગળના વિભાગોમાં તમે કેટલાક આંતરરાષ્ટ્રીય સંગઠનો વિશે અભ્યાસ કર્યો. આંતરરાષ્ટ્રીય પધ્ધતિઓના સંચાલનમાં મજબૂતપણે રાષ્ટ્રીય કક્ષાની સેવાઓ અથવા પધ્ધતિઓને નિયંત્રિત કરતા વિકલ્પોએ તેમની સેવાઓ અને ઉપજો આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તારી છે. આમાંની કેટલીક માહિતીપધ્ધતિઓ અને સેવાઓ વ્યાપારી સંગઠનો દ્વારા અપાતી હોય છે. આવા વિશિષ્ટ સંગઠનોમાં Institute for Scientific Information MEDLARDS નો સમાવેશ થાય છે. તમે આ અભ્યાસક્રમના એકમ 8 માં CAS અને MEDLARDS વિશે અભ્યાસ કરી ચૂક્યા છો. તેથી આપણે ISI સંબંધી કેટલીક વિગતો જાણીએ કે જેની સેવાઓ વિજ્ઞાન અને ટેકનોલોજી ઉપભોક્તાઓ માટે ઘણી જાણીતી અને ઉપયોગી છે.

### 9.4.1 Institute for Scientific Information (ISI) (વૈજ્ઞાનિક માહિતી માટેની સંસ્થા)

ISI ની સ્થાપના 1960માં થઈ હતી. તે વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને વ્યાપારી સમુદાયને માહિતી પૂરી પાડવાની સેવા આપે છે. તે વિશ્વના ઘણા મહત્વના વૈજ્ઞાનિક, ટેકનીકલ અને વિદ્વતાપૂર્ણ પ્રકાશનોમાંના વાઙ્મયસૂચિય ડેટા, ઉલ્લેખ સંદર્ભો (Cited References) અને સારની સીધી અને સરળ પ્રાપ્તિ પૂરી પાડે છે.

તેની જવાબદારી Thompson Corporation ના વિભાગ Thompcom Scientific જે હવે Compson ISI થી ઓળખાય છે. ISI નું ધ્યેય છે. "મહત્વની શોધલક્ષી ટેકનોલોજી દ્વારા સંશોધકોને પૂરા પાડવામાં આવતા સંકલિત માહિતી ઉકેલોની સંશોધન પર થતી અસરોને વધારવી" ISI ના અદ્યતન વિકાસમાં ISI Web of Knowladge ને ગણાવી શકાય જે Single Window છે જેના થકી સંશોધકો માહિતી પ્રાપ્તિ, પૃથક્કરણ અને માહિતી વ્યવસ્થિત કરી શકે છે. ISI Web of Knowladge ઉપભોક્તાોને મૂલ્યાકંન સાધનો અને વાઙ્મયસૂચિય

સંચાલન ઉપજોની મદદથી ઉચ્ચકક્ષાની માહિતી દર્શાવી શકે છે. તે વિષયપદોની તપાસ (Cross Content) અને Web Document Search માટે શોધલક્ષી સાધનો પૂરા પાડે છે.



ISI Web of Knowladge આંતર-વિષયી વિષયપદો દ્વારા Gateway ના સરળ જોડાણ માટે સુસજ્જ છે અને વિશ્વભરના શૈક્ષણિક, ધંધાકીય, સરકારી અને બિનનફાકીય સંગઠનોને સંશોધન માટે ટેકો પૂરો પાડે છે.

આપણે એ જાણીએ છીએ કે ISI એ ઉલ્લેખ સંદર્ભશોધ માટેનો એકમાત્ર સ્રોત છે અને આ સવલત web of knowladgement ના મુખ્ય અંગ web of Science દ્વારા વધારવામાં આવે છે. Web of Science 8600 થી વધારે મૂલ્યાંકન કરેલા વિદ્વતાપૂર્ણ સામયિકોમાંની વાઙ્મયસૂચિગત માહિતીનો આંતરવિષયી સંગ્રહ છે. લેખની ઉલ્લેખ (Cited) સંદર્ભ યાદી (વાઙ્મયસૂચિ) ને સમાવતા પ્રત્યેક લેખ પરથી માહિતી મેળવવામાં આવે છે, જેના દ્વારા ઉપભોક્તાઓ જાણીતા લેખક કે કૃતિના નામ પરથી તેઓ શોધી શકે છે. ઉલ્લેખ સંદર્ભ શોધ ISI માટે અજોડ છે, જે પ્રકાશન વર્ષ, મૂળ દેશ અથવા વિષય સિવાય સાહિત્યને આગળ કે પાછળના કોઈપણ પ્રયત્નો વિના શોધ પૂરી પાડે છે.

પદ 'Impact - Factor' થી પણ ISI ને સારી રીતે ઓળખવામાં આવે છે. ઉલ્લેખ પૃથક્કરણ અને આંકડાકીય ડેટાના સમૂહને આધારે વિવિધ વિષય શ્રેણીઓના સામયિકોના સંબંધિત મહત્વને પધ્ધતિસરના હેતુલક્ષી રસ્તે ચોકસાઈપૂર્વક ઓળખી શકાય છે. Impact Factor પરથી કયા સામયિકો ઉત્તમ કક્ષાના છે, કયા સામયિકો સૌથી વધારે અસર ધરાવે છે અને કયા સામયિકો વારંવાર ઉપયોગમાં લેવાય છે અથવા તેનો ઉલ્લેખ નોંધમાં ઉપયોગ કરવામાં આવે છે. તે જાણી શકાય છે.

ISI ના ઉપભોક્તાઓમાં ગ્રંથપાલો, શૈક્ષણિક સંશોધકો, વ્યવસ્થાપકો, વૈજ્ઞાનિકો, સંશોધકો અને તમામ પ્રકારના સંગઠનોમાં કાર્ય કરતા પૃથક્કરણકર્તાઓનો સમાવેશ થાય છે.

**ISI** પરથી નીચેની સવલતો પ્રાપ્ત થાય છે :

- એક સાથે અરસપરસ પદ શોધ પ્રક્રિયા
- પૂર્ણ પાઠ્ય (Full Text) વેબ પદોની પ્રાપ્તિ
- 100 વર્ષ પહેલાના પાછલા રેકર્ડ અને ઉલ્લેખ (cited) સંદર્ભોની પ્રાપ્તિ
- 'પૂર્વ પ્રકાશિત' સામયિક લેખોની શોધ પ્રક્રિયા
- ઉલ્લેખ (cited) સંદર્ભ શોધ પ્રક્રિયા હાથ પર ધરવી.
- પ્રાથમિક સાહિત્યની પૂર્ણ પાઠ્યસામગ્રી, પૂરક ડેટાબેઝ અને કોઈપણ ગ્રંથાલયના પાછલા ગ્રંથો (Holding) નું સીધું જોડાણ (direct link)
- બહારના સુલભ સંગ્રહોની મુક્ત પ્રાપ્તિ
- જાગરૂકતા, વ્યક્તિગત ઉલ્લેખ જાગરૂકતા સાથે..

**ઉલ્લેખ નિર્દેશિકાઓ (Citation Indexes)**

ISI તેની Citation Indexes ને આવરી લેતા પ્રમાણભૂત, ઉચ્ચ અસર ધરાવતા 8500 સામયિકો પરથી આંતરવિષયી સંશોધન માહિતી પ્રાપ્ત કરવાની સવલત પૂરી પાડે છે.

**અદ્યતન અવબોધન (Current Awareness)**

ISI 7600 સામયિકો, 2000 ગ્રંથો અને પરિષદ કાર્યવાહીઓ પરથી અસરકારક અદ્યતન સેવા દ્વારા Current Content ને જોડી આપે છે તેમજ 3600 થી વધારે ISI-Evaluted website લીંક પણ પૂરી પાડે છે.

**ISI Links**

Web of Science એ Web accessible સ્ત્રોતો દ્વારા ઝડપી, વ્યાપક જોડાણ સુવિધાની સાથે સાથે પૂરક સંશોધન અનુક્રમણિકાઓની પ્રાપ્તિ પણ પૂરી પાડે છે, તેમજ ISI Web of Knowladge દ્વારા ઉપભોક્તા Single Interface થી શોધ કરી શકે છે. ISI દ્વારા પૂરી પાડવામાં આવતી Links ના પ્રકારો છે :

Intra - Content Links, Inter - Content Links, Customer holding, SFX Con tent - Sensetive Links તેમજ Publishers' full text. વિશેષ માહિતી માટે ISI Links, ISI Website પરથી શોધ કરી શકાય છે.

11. ISI Web of Knowladge શું છે ?

નોંધ : (I) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(II) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર ચકાસો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 9.5 સારાંશ (SUMMARY)

માહિતી એ ઉપભોક્તાઓ માટે અને માહિતી વિશેષજ્ઞો માટે આવશ્યક સ્રોત છે. માહિતી ખાલીપો (gap) પુરવા માટે રાષ્ટ્રીય સંગઠનો, આંતરરાષ્ટ્રીય સંગઠનો તેમજ વ્યવસાયિક અંગો સેવાઓ અને ઉપજો પૂરી પાડવા માટે કાર્યરત છે અન્ય સમસ્યા એ છે કે પશ્ચિમના દેશો હંમેશા માહિતીથી સમૃધ્ધ છે અને વિકસતા દેશો માહિતીથી સમૃદ્ધ નથી. આધુનિક ટેકનોલોજી અને ખાસ કરીને કૉમ્પ્યુટર તેમજ દૂર પ્રત્યાયન ટેકનોલોજી આંતરરાષ્ટ્રીય સંગઠનોના માળખામાં રહીને માહિતીનો ખાલીપો ભરવા માટે સેતુ (bridge) બની રહ્યા છે, જેઓ તેમના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા આ વિશાળ ખાલીપો પુરવા માટે મદદરૂપ બનવા આગળ આવ્યા છે.

આ દિશામાં United Nations Agencies, વ્યવસાયિક સંગઠનો જેવા કે FID, IFLA, ICSU વગેરે ખૂબ જ મદદરૂપ બન્યા છે. આ વ્યવસાયિક અંગોએ વિચારો અને અનુભવોના આદાન-પ્રદાન માટેનો મંચ પૂરો પાડ્યો છે. વિશિષ્ટ વૈશ્વિક માહિતી પધ્ધતિઓએ કૉમ્પ્યુટર આધારિત ઉપજો, સેવાઓ અને પ્રવૃત્તિઓ પૂરા પાડ્યા છે, જે ઉપભોક્તા સમુદાયની માહિતી જરૂરીયાતો માટે દરકાર રાખે છે. માહિતીની વધતી માંગ અને હાલની સવલતો અને સેવાઓનો બહોળો ઉપયોગ આપણા માળખા સાથે રહેલા રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને વિશિષ્ટ માહતી સંગઠનોની જરૂરીયાત અને મહત્વ તરફ નિર્દેશ કરે છે.

## 9.6 તમારી પ્રગતિ ચકાસો ના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) **NISCAIR** ઘણી માહિતીસેવાઓને આવરી લે છે, જેમાંની કેટલીક છે :

- Wealth of Nations ... MAPA ડેટાબેઝ પર આધારિત Medicinal and Aromatic Plants Information Services (MAPIS)
- Content Abstract and Photocopy સેવા જે ઉચ્ચકક્ષાની વ્યક્તિગત સેવા છે. આ સેવા નિયમિત ધોરણે સામયિકો પરથી અનુક્રમણિકા માહિતી પૂરી પાડે છે.
- માહિતી શોધ એવા એ 6000 થી વધારે આંતરરાષ્ટ્રીય ડેટાબેઝની પ્રાપ્તિ કરાવતી સેવા છે.
- NISCAIR એ સામયિકોને ISSN ક્રમાંક આપવા માટેના આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું ભારતમાં પ્રકાશિત થતાં સામયિકોને ISSN આપવા માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર છે.
- NISCAIR એ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં મુખ્ય વિદેશી ભાષાઓ જેવી કે, જાપાનીઝ, જર્મન, ફ્રેંચ, સ્પેનિશ, ચીની અને રશિયનમાંથી અંગ્રેજીમાં અનુવાદ સેવા પૂરી પાડે છે.
- બિબ્લિઓમેટ્રીક સેવાઓ : NISCAIR સંશોધનના કોઈપણ ક્ષેત્રના વૃધ્ધિ, વિકાસ અને ફેલાવાના અભ્યાસ માટે વિશિષ્ટ વિષયો પર બિબ્લિઓમેટ્રીક સેવા રજૂ કરે છે.

**(2) નાસડોકના કેટલાક ડેટાબેઝ છે :**

- સંશોધન પ્રોજેક્ટ અહેવાલોનો ડેટાબેઝ
- પીએચ.ડી. મહાનિબંધનો ડેટાબેઝ
- ભારતમાં સામાજીક વિજ્ઞાન ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોની ડિરેક્ટરી
- ભારતમાં સામાજીક વિજ્ઞાન સંશોધન અને તાલીમ સંસ્થાઓની ડિરેક્ટરી

**(3) DESIDOC ની વિવિધ પ્રવૃત્તિઓમાં સમાવેશ થાય છે :**

**(a)** ગ્રંથાલય સેવાઓ

**(b)** માહિતી પ્રક્રિયા અને પ્રસાર

**(c)** ડેટાબેઝ વિકાસ

**(d)** **DRDO** પ્રકાશનો

**(e)** તાલીમ

**(f)** ટેકનીકલ સેવાઓ

**(4) યુનેસ્કોના શરૂઆતના સમયથી વિકસતા દેશોના સંદર્ભમાં કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ છે :**

- પ્રલેખન કેન્દ્રોની સ્થાપના
- જાહેર ગ્રંથાલયોનો વિકાસ
- ગ્રંથ પ્રોત્સાહન
- કૉમ્પ્યુટર વિનિયોગ (**applications**) ને ટેકો આપવો
- યુનેસ્કો ગ્રંથ કુપનોની શરૂઆત.

**(5) યુનેસ્કોના આંતરસરકારી કાર્યક્રમો છે :**

- Information for All Programme (IFAP)
- International Programme for the Development of Communication (IPDC)

**(6) ઈફ્લો 4 ચર્ચા જૂથો સ્થાપિત કર્યા છે. :**

- કાયદા ગ્રંથાલયો
- નવા વ્યવસાયો
- ગ્રંથાલયોમાં ગુણવત્તાના મુદ્દા
- વીજાણુ - શિક્ષણ (e-learning)

(7) IFLANET અને તેની સેવાઓ ઈફ્લા અને તેના એકમોના કાર્યક્ષેત્રમાં રહી પ્રત્યાયનમાં સુધાર લાવવા તેમજ દિવસના 24 કલાક અને અઠવાડિયાના સાત દિવસ સતત સંગઠન માટે તેની આભાસી હાજરી પૂરી પાડવા માટે વિકસાવવામાં આવી હતી. મંડળની સામાન્ય સભા વર્ષમાં માત્ર એક વાર મળે છે. IFLANET સામાન્ય વહીવટ, કેન્દ્રિકરણ તેમજ વેબસાઈટ તૈયાર કરવી માટેની નીતિ ઘડવી, સોંપણી માટેના પ્રલેખ તૈયાર કરવાની પ્રક્રિયાઓ અને માર્ગદર્શિકાઓ પૂરી પાડવી તેમજ ઈફ્લા સરનામા સાથેની યાદીઓ તૈયાર કરવામાં મદદ કરવી વગેરે જવાબદારીઓ સંભાળે છે.

હાલ IFLANET ની વહીવટી વ્યવસ્થા ઈફ્લાનું મુખ્ય મથક અને Institut te Information Scientifique et Technique (INIST) તેની જવાબદારી સંભાળે છે.

(8) FID બંધ કરવામાં આવી ત્યાં સુધી તેની પ્રવૃત્તિઓ અને કાર્યો આ મુજબ રહ્યા હતા.

(a) પરિષદો અને પરિસંવાદો

(b) પ્રકાશનો

(c) પ્રોજેક્ટ

(d) શિક્ષણ અને તાલીમ

(e) ગ્રંથાલય નેટવર્ક

(f) સલાહસેવા (Consultancy)

(9) ICSTI નો મુખ્ય હેતુ છે 'વિશ્વના આર્થિક, સંશોધન, વિદ્વતા અને સામાજીક પ્રગતિ માટે જરૂરી વૈજ્ઞાનિક અને ટેકનીકલ માહિતીના મૂલ્યને ઓળખવામાં નેતૃત્વ પુરું પાડવું ; આંતરરાષ્ટ્રીય સ્તરે માહિતીના આદાન-પ્રદાન અને અનુભવોની વહેંચણી દ્વારા વેપાર, ઉદ્યોગ, શૈક્ષણિક સમુદાય, સરકાર અને જાહેર જનતામાંના તમામ ઘટકો માટે પ્રાપ્તિની નિશ્ચિતતા અને માહિતીપ્રાપ્તિ ; તેમજ માહિતીપ્રવાહમાં ભાગ લેનારા તમામ આંતરક્રિયા કરી શકે તે માટેનો મંચ પૂરો પાડવો'

(10) CODATA નું લક્ષ્ય છે - વિજ્ઞાન અને ટેક્નોલોજીના તમામ ક્ષેત્રોના મહત્વના ડેટાની ગુણવત્તા, વિશ્વસનીયતા, સંચાલન અને પ્રાપ્તિમાં સુધારો લાવવો. તેથી CODATA એ એવો સ્રોત છે જે વૈજ્ઞાનિકો અને ઈજનેરોને જાગરૂકતા વધારવા, સીધા સહકાર અને નવા જ્ઞાન માટે આંતરરાષ્ટ્રીય ડેટા પ્રવૃત્તિઓની પ્રાપ્તિ પૂરા પાડે છે.

(11) ISI Web of Knowladge એ ગતિશીલ ઉચ્ચ ગુણવત્તા માટેનો વેબ આધારિત વાતાવરણ પૂરો પાડતો એકમાત્ર સ્રોત છે તેમજ સંશોધન માહિતીની પ્રાપ્તિ, વિશ્લેષણ અને વ્યવસ્થા માટેનું સાધન છે.

## 9.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

| | | |
|---|---|---|
| ASTINFO | : | અશિયા અને પેસિફિકમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં માહિતી અને અનુભવોના આદાન-પ્રદાન માટેનું પ્રાદેશિક નેટવર્ક - યુનેસ્કો દ્વારા આ પ્રાદેશિક નેટવર્ક કાર્યક્રમને સહાય મળે છે. |
| Global Information Systems | : | નાણાં, સમય અને પ્રયત્નો દ્વારા આર્થિક પ્રાપ્તિ, પ્રલેખો, વિવિધ સેવાઓ અને ઉપજોને આવરી લેતુ આંતરરાષ્ટ્રીય સાહસ |
| ICSSR | : | Indian Council of Social Science Research (સામાજીક વિજ્ઞાન સંશોધનની ભારતીય પરિષદ) |
| Infrastucture | : | તમામ સંસ્થાકીય અંગોએ માહિતી સ્રોતો અને સવલતોને ટકાવી રાખવા. |
| Inter Governmental | : | રાષ્ટ્રીય સરકારના સભ્યો જે આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં છે. |
| Promotion | : | કોઈ કારણ, ઉપજ, સેવા અથવા સંગઠનના ભાગરૂપે આગળ વધારવું અથવા ઉત્તેજન આપવું. |

## 9.8 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCE AND FURTHER READINGS)

Atherton, Pauline (1977). Handbook for Information Systems and Services. Paris: UNESCO.

Kent, Alien (ed). (1980). Encyclopaedia of Library and Information Science. London: Macmillian.

Khanna, J.K. (2000). Documentation and Information Services, Systems and Techniques. Agra: Y.K. Publishers.

Khanna, J.K. (1996). Handbook of Information Systems and Services. New Delhi: Beacon Books.

Websites:

www.unesco.org
www.nlm.nih.gov
www.isinet.com
www.ifla.org
www.niscair.res.in
www.lcssr.org
www.drdo.nic.in

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**MLII - 101**
**માહિતી સ્રોતો, પદ્ધતિઓ અને સેવાઓ**

# Information Sources, Systems and Services

## PART-I


### વિભાગ-1 માહિતી સંસ્થાઓ

| | | |
|---|---|---|
| એકમ-1 | માહિતી સંસ્થાઓ : મૂલ્યાંકન, વૃદ્ધિ, કાર્યો અને પ્રકારો | 13 |
| એકમ-2 | માહિતી કેન્દ્રો : પ્રકારો અને તેમના સંગઠનો | 51 |
| એકમ-3 | ડેટા કેન્દ્રો અને માહિતી નિર્દેશ કેન્દ્રો | 79 |
| એકમ-4 | માહિતી પૃથક્કરણ અને દઢીકરણ કેન્દ્રો | 110 |

### વિભાગ-2 માહિતી સ્રોતો, પદ્ધતિઓ અને કાર્યક્રમો

| | | |
|---|---|---|
| એકમ-5 | માહિતી સ્ત્રોતો : વર્ગ આધારિત | 137 |
| એકમ-6 | મુદ્રિત અને અમુદ્રિત સ્ત્રોતો | 171 |
| એકમ-7 | રાષ્ટ્રીય માહિતી પદ્ધતિઓ અને કાર્યક્રમો | 205 |
| એકમ-8 | વૈશ્વિક માહિતી પદ્ધતિઓ અને કાર્યક્રમો | 243 |
| એકમ-9 | રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માહિતી સંગઠનો | 269 |

## PART-II

### વિભાગ-3 માહિતી પેદાશો અને સેવાઓ

| | | |
|---|---|---|
| એકમ-10 | માહિતી ઉપજો ભાગ-1 | 317 |
| એકમ-11 | માહિતી ઉપજો ભાગ-2 | 332 |
| એકમ-12 | માહિતી સેવાઓ ભાગ-1 | 352 |
| એકમ-13 | માહિતી સેવાઓ ભાગ-2 | 402 |

### વિભાગ-4 માહિતી સ્રોત તરીકે માહિતી મધ્યસ્થીઓ

| | | |
|---|---|---|
| એકમ-14 | ગ્રંથાલય અને માહિતી વ્યાવસાયિકો | 445 |
| એકમ-15 | માહિતી માધ્યમો | 466 |
| એકમ-16 | આધારસામગ્રી અથવા ડેટાબેઝ રચયિતા અને વ્યવસ્થાપકો | 485 |
| એકમ-17 | (માહિતી સંગ્રહ) માધ્યમો ડેટાબેઝ | 514 |
| એકમ-18 | માધ્યમ વ્યક્તિઓ | 531 |
| એકમ-19 | બુદ્ધિમાન એજન્ટો | 550 |

## Programme Design Committee (Original) (1992)

| | | |
|---|---|---|
| Prof. PandavNayak *(Chairman)* | Mr.N.M.Malwad | Dr. (Ms.) Neela Jagannathan |
| Prof.(Ms.)A.K.Aaand | Dr.S.S.Murthy | *(Special Invitee)* |
| Prof.J.C.Binwal | Prof.K.S.Raghavan | Dr.Uma Kanjilal |
| Prof.M.A. Gopinath | Prof.T.N.Rajan | *(Internal Faculty)* |
| Prof.B.Guha | Prof. A.P. Srivastava | Ms. Neena Talwar Kanungo |
| Prof.S.R.Gunjal | Prof. T. Viswanathan | *(Internal Faculty)* |
| Prof.S.G.Mahajan | | Dr. R. Satyanarayana |
| | | *(Convener)* |

## Course Preparation Team (1992)

| | | |
|---|---|---|
| Ms. C. M. Anand | Prof. S. R. Gunjal | Dr.T.A.V.Murthy |
| Prof.Renu Arora | Dr. B.M.Gupta | Prof. N. G. Naidu |
| Dr. A. Y. Asundi | Dr. L. J. Haravu | Prof. T. N. Rajan |
| Dr. R.P.S. Dhaka | Dr. Neena Talwar Kanungo | Ms. Suhasini Reddy |
| Dr. S.B.Ghosh | Shri N.M.Malwad | Prof.R.Satyanarayana |
| Prof.M.A.Gopinath | Dr.S.S.Murthy | Prof.B.K.Sen |
| | | Dr. K. G. Tyagi |

**Course Editor:** Prof. T. N. RAjan and Prof. B. K. Sen

## Programme (Curriculum) Revision Committee (2003)

**Prof. S.B. Ghosh**
*(Chairman)* Faculty of Library & Information Science School of Social Sciences IGNOU, New Delhi

**Dr. Jagdish Arora**
Librarian Indian Institute of Technology Mumbai

**Prof. S. R. Ganpule**
Dept of Library & Information Science Yaswant Rao Chavan Maharashra Open University, Nasik

**Prof. B. Guha**
Professor (Retd.)
Dept of Lib. & Inf. Sc. Banaras Hindu University Banaras, U. P

**Prof.Uma Kanjilal**
Faculty of Lib. & Inf. Sc. IGNOU,NewDelhi

**Dr. Neena Talwar Kanungo**
Faculty of Lib. & Inf. Sc. IGNOU, NewDelhi

**Prof. C.R. Karisiddappa**
Head, Dept, of Library & Information Science Karnataka University Dharwar

**Dr.A.Lahiri**
Senior Advisor
Dept. of Scientific & Industrial Research New Delhi.

**Prof. P. B.Mangla**
Dept of Lib.&Inf. Sc. (Retd)
University of Delhi, Delhi

**Prof. A.Neelameghan**
UNESCO Expert (Retd.)
Sarada Ranganathan Endowment for Library & Information Science Bangalore

**Prof. T. N. Rajan**
Chife Coodinator (Retd.)
INSDOC, New Delhi

**Dr.PravakarRath**
Faculty of Lib. & Inf. Sc. IGNOU, New Delhi

**Prof. J. Sarkhel**
Head, Dept, of Library & Information Science Vidyasagar University Midnapur W.B.

**Prof. R. Satyanarayana**
Faculty of Lib. & Inf. Sc,
(Retd.)
IGNOU, New Delhi

**Prof. B. K. Sen**
Head, (Retd.) Education Division, INSDOC, New Delhi

**Dr.MahinderSingh**
Director
DESIDOC, Delhi

**Dr.N.Vijayaditya**
Director General
National Informatics Centre New Delhi

**Prof.T.VIswanathan**
Ex-Director, INSDOC
NewDelhi

**Dr. (Ms) Neela Jagannathan**
*(Special Invitee)*
IGNOU,New Delhi

**Programme Coordinators:** Prof. S.B. Ghosh and Prof. Uma Kanjilal

**Course Coordinator :** Dr. Neena Talwar Kanungo

**Course Editor :** Prof. T. N. Rajan

**Course Preparation Team**

| Unit | Contributor |
|---|---|
| 1 | Prof.R. Satyanarayana |
| 2,8,9,17 | Ms. Renu Arora |
| 3 | Dr. A. Y. Asundi, Dr. J. P. Singh |
| 4,7,10,11,12 | Ms. C. M. Anand |
| 5,6,14 | Prof. B. K. Sen |
| 13,15 | Prof. S. B. Ghosh (Academic Assistance : Mr. Anup Kumar Das) |
| 16 | Dr. N. M. Malwad, Dr. J. P. Singh |
| 18 | Prof. T. N. Rajan |
| 19 | Prof. T. Viswanathan |

| Material Production | Secretarial Assistance | Cover Design |
|---|---|---|
| Mr. B. Natraj | Ms. Sangeeta Bagasi | Mr. Gobin Singh |
| Mr. Jitender Sethi | Scool of Social Science | |
| Mr. Sunil Kumar | IGNOU, New Delhi | |

June, 2009 (Reprint)

*© Indira Gandhi National Open University; 2006*

ISBN-81-266-2204-0

*All rights reserved No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

*Authors are responsible for the academic content of die courses as far as the copyright issues are concerned.*

*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's Office at Maidan Garhi, New Delhi-11 0068,*

Printed and published on behalf of the Indira Gandhi National Open University, New Delhi, by the Registrar, MPDD

**Printed at :** Sita Fine Arts Pvt. Ltd., A-22, Naraina Indl. Area, Phase-II, New Delhi- 110028.

આ પુસ્તકમાંથી અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

| MLI II - 101 | Block-3 | Block-4 |
|---|---|---|
| **અનુવાદક પ્રસ્તાવના :** | | |
| | શ્રી કંચનભાઈ પટેલ<br>પૂર્વ ગ્રંથપાલ<br>મોડાસા કોમર્સ કોલેજ, મોડાસા. | |
| **અનુવાદ યુનિટ :** | | |
| | શ્રી નવલસિંહભાઈ વાઘેલા (10,11)<br>પૂર્વ ગ્રંથપાલ,<br>ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. | ડૉ. વૈશાલી ભાવસાર<br>ગ્રંથપાલ,<br>આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ |
| | ડૉ. વૈશાલી ભાવસાર<br>ગ્રંથપાલ,<br>આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ (12,13) | |
| **વિષય પરામર્શન :** | | |
| | ડૉ. ચેતના શાહ<br>ગ્રંથપાલ,<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. | ડૉ. ચેતના શાહ<br>ગ્રંથપાલ,<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |
| **ભાષા પરામર્શન :** | | |
| | ડૉ. અજયસિંહ ચૌહાણ | ડૉ. અજયસિંહ ચૌહાણ |
| **સંયોજક :** | | |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ<br>એસો. પ્રોફેસર (લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ )<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | | |
| ડૉ. ચેતના શાહ<br>ગ્રંથપાલ<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. | | |
| **મુદ્રક :** | | |


**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-382481



©સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઇપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઇપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

## અભ્યાસક્રમની પ્રસ્તાવના

આધુનિક સમાજ એ સંસ્થાઓનો સમાજ છે. દરેક કાર્ય પછી તે આર્થિક પ્રવૃત્તિ હોય કે આરોગ્યની કાળજી હોય, શિક્ષણ હોય કે પર્યાવરણનું સંરક્ષણ હોય, નવા જ્ઞાનને અનુસરવાનું હોય કે સંરક્ષણ હોય, મોટી સંસ્થાઓને કાળજી રાખવાનું સોંપવામાં આવે છે. તેથી આ સંસ્થાઓની કામગીરી આધુનિક સમાજની કામગીરી ઉપર આધાર રાખે છે. જો તેમ નહિ હોય તો વ્યક્તિગત સંભાળ રાખી નહિ શકાય. આ સંદર્ભમાં જ્ઞાનની સંસ્થાઓ જેવી કે ગ્રંથાલયો, પ્રલેખન કેન્દ્રો, માહિતી કેન્દ્રો વગેરે વિશાળ ભૂમિકા ભજવે છે. આ અભ્યાસક્રમનો પ્રાથમિક હેતુ આ કાર્યક્રમ શિખનારાઓને માહિતી સંબંધિત જુદા જુદા પ્રકારની માહિતી સંસ્થાઓ અને વિવિધ પ્રકારની માહિતી સેવાઓ અને પેદાશોની જરૂરી પશ્ચાદ્ ભૂમિકા પૂરી પાડવાનો છે.

વિભાગ-1 માહિતી સંસ્થાઓ (Block-1 Information Institution) આ વિભાગ ચાર એકમો (1-4) ધરાવે છે જે વિવિધ પ્રકારની પેદાશો અને સેવાઓની જરૂરિયાત માટે શરૂઆત થઇ હતી તેવી માહિતી સંસ્થાઓ સાથે વ્યવહાર કરે છે. વૈવિધ્યતા ધરાવતા જુદા પડતા કાર્યો, પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો સાથે જુદા જુદા સમયે જુદી જુદી સંસ્થાઓ સ્થાપવી જરૂરી હતી. આ જુદા જુદા પ્રકારની સંસ્થાઓની ચર્ચા આ વિભાગમાં કરવામાં આવી છે.

એકમ-1 એ માહિતી સંસ્થાઓની ઐતિહાસિક યથાર્થતા આપે છે. આ સંસ્થાઓનો વિકાસ માહિતી સ્થળાંતરની પ્રક્રિયાના વિકાસને અનુરૂપ આકાર હતો. વિકાસ પ્રક્રિયા માટે પદ્ધતિ અનુરૂપ મૂલ્યોની સાથે પણ યુગ અર્થાત્ (1) વિષયલક્ષી માહિતી સ્થળાંતર (2) ધ્યેયલક્ષી માહિતી સ્થળાંતર (3) સમસ્યાલક્ષી માહિતી સ્થળાંતર સાથે સંકળાયેલ નોંધપાત્ર લક્ષણોને આધારે હતી. આ પ્રકારની માહિતી સ્થળાંતરની પ્રક્રિયા સાથે વિકાસ પામેલ સંસ્થાઓની ઉદાહરણ સાથે ચર્ચા આપવામાં આવેલ છે. જ્ઞાન આધારિત અર્થતંત્ર સાથે સંસ્થાઓ જે રીતે શરૂ થઇ છે તે રીતે તેના વિકાસ સાથે ઉદાહરણની ચર્ચા કરેલ છે. ભારતીય પરિદશ્યની ચર્ચા સંસ્થાકીય વિકાસની પ્રક્રિયાના સંદર્ભમાં ઉદાહરણ સાથે કરવામાં આવી છે. ભવિષ્યની શક્યતાઓ તરફ જોતાં એકમ જરૂરિયાત આધારિત નવી માહિતી સંસ્થાઓ વિકસાવવાની બાબત ઉપર ભાર આપે છે.

આ વિભાગનો એકમ-2 માહિતી કેન્દ્રોને એક જુદા સ્વરૂપવાળી માહિતી સંસ્થાઓ જે ઉચ્ચ કક્ષાની સેવાઓ માટેની વિશિષ્ટ જરૂરિયાત સાથે વિકાસ પામી છે તેની ચર્ચા કરે છે. ધંધા, વ્યાપાર અને વાણિજ્ય સંસ્થાઓ, સરકારી વિભાગો અને સંશોધન સંસ્થાઓ માટે માહિતી સહાય માટે આવશ્યક બનેલ છે. જુદા જુદા પ્રકારનાં માહિતી કેન્દ્રો તેની જટિલ પેદાશો અને સેવાઓ સાથે વર્ણવામાં આવેલ છે. મોટા ભાગની આ પેદાશો અને સેવાઓ જે કમ્પ્યૂટર આધારિત વધી રહેવા પામે છે તેને પણ સમજાવવામાં આવેલ છે. આ પ્રકારની માહિતી સંસ્થાઓનું તેના વિશિષ્ટ કાર્યો, પેદાશો અને સેવાઓ સાથે સંચાલનની રૂપરેખા પણ આપવામાં આવેલ છે. કેટલાક સ્થાનિક, રાષ્ટ્રિય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રિય કક્ષાના માહિતી કેન્દ્રોના દાખલાઓ સાથે સમજૂતી પણ આપવામાં આવી છે.

એકમ-3 ડેટાને તર્ક, ચર્ચા અથવા ગણતરીના આધાર તરીકે ઉપયોગમાં લીધેલ હકીકત અને આંકડા તરીકે વ્યાખ્યાયિત કરે છે, વિદ્યાશાખાની વિશાળ વૈવિધ્યતાને ડેટા તરીકે વર્ણવે છે. આ એકત્રીકરણ, સંકલન, પ્રક્રિયા, મૂલ્યાંકન અને પ્રસારણ જેવી ક્રિયાઓનો સમાવેશ કરે છે. ડેટા કેન્દ્રો વિવિધ વિષય ક્ષેત્રોમાં આ પ્રવૃત્તિઓ અમલમાં મૂકે છે. CODATA ની સ્થાપના જે અગત્યનું સીમા ચિહ્ન છે તે દર્શાવેલ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય, વિજ્ઞાન વિદ્યાશાખામાં અને સામાજિક શાસ્ત્રોમાં કેટલાક અન્ય ડેટા કેન્દ્રોને ટૂંકાણમાં વર્ણવામાં આવેલ છે. નિર્દેશન સેવા (Referral Service) અને સંદર્ભ સેવા વચ્ચેનો ભેદ પાડી આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના થોડાક નિર્દેશન કેન્દ્રોના કાર્યો અને પ્રવૃત્તિઓ સમજાવે છે.

એકમ-4 માહિતી પૃથક્કરણ અને દઢિકરણ કેન્દ્રો સાથે વહેવાર કરે છે જે વિષય આધારિત હોય છે અને પેદાશો અને સેવાઓ આપે છે જે માટે ઉચ્ચ વ્યવસાયિક કૌશલ્ય અને વિષયનું જ્ઞાન જરૂરી છે. આ પ્રકારના કેન્દ્રોની જુદી જુદી પેદાશો ઉદાહરણો સાથે સમજાવેલ છે. માહિતી પૃથક્કરણ કેન્દ્રો (IAC)નું આયોજન અને સંચાલન પ્રક્રિયા ઉપર ભાર મૂક્યો છે. ભારતમાં માહિતી પૃથક્કરણ કેન્દ્રોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ પ્રકારના કેન્દ્રોના વિકાસ માટે માહિતી નીતિની વિશિષ્ટ જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવેલ છે.

વિભાગ-2 માહિતી સ્રોત, પદ્ધતિઓ અને કાર્યક્રમો (Block-2 Information Sources, System and Programmes) આ વિભાગ (એકમ 5 થી 9) માહિતી સંસાધનો અને સ્રોત, તેમની વૈવિધ્યતા તેમનું સંદર્ભમૂલ્ય વિકસાવવામાં આવેલ માહિતી પદ્ધતિઓ અને રાષ્ટ્રિય અને વૈશ્વિક સ્તરના વિશિષ્ટ કાર્યક્રમ વર્ણવે છે.

આ વિભાગનો એકમ-5 માહિતી સંસાધનો અને સ્રોતને તેમનો તફાવત પાડી તેમની કક્ષાઓ ઓળખે છે. પ્રથમ ભાગ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન સંબંધિત છે જ્યારે પછીનો ભાગ માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી સંબંધિત છે. પ્રલેખીય અને બિનપ્રલેખીય સંસાધનોની રૂપરેખા ઉદાહરણ સાથે આપવામાં આવી છે. બિનપ્રલેખીય સંસાધનો માનવીય અને સંસ્થાકીય સંસાધનો ધરાવે છે. તેમનું કૌશલ્ય, કુશળતા અને સંદર્ભ મૂલ્યના વર્ણન સાથે યોગ્ય રીતે વિસ્તૃત યાદી આપવામાં આવી છે.

એકમ-6 મુદ્રિત, અમુદ્રિત અને સંગ્રહીત માધ્યમનો સારો સમગ્ર અભિપ્રાય આપે છે. આ માધ્યમો પૈકીના દરેકના સાપેક્ષ લાભ સમજાવ્યા છે, તેઓ બીજાને દૂર કર્યા સિવાય સહઅસ્તિત્વ ધરાવવા બંધાયેલા છે. મુદ્રિત માધ્યમ પ્રલેખોની વિવિધતાનો સમાવેશ કરે છે; અમુદ્રિત માધ્યમ વિજાણું, સાયબર માધ્યમ અને વાસ્તવિક આભાસી માધ્યમનો સમાવેશ કરે છે. સંગ્રહીત માધ્યમ ઓપ્ટીકલ, મેગ્નેટીક અને સૂક્ષ્મ સ્વરૂપોની ચર્ચા કરે છે.

એકમ-7 ભારતમાં ક્રિયાશીલ હોય તેવી રાષ્ટ્રીય માહિતી પદ્ધતિઓ અને કાર્યક્રમોનો વિસ્તૃત સર્વેક્ષણ આપે છે. આ વિજ્ઞાન અને ટેકનોલોજી; સામાજિક વિજ્ઞાનો અને માનવીય વિદ્યાશાખાના ભાષા-સાહિત્ય સંબંધી પદ્ધતિઓ અને કાર્યક્રમોની સાથે સંબંધ છે.

આ વિભાગનો એકમ-8 વૈશ્વિક માહિતી પદ્ધતિઓ જે સામાન્ય માહિતી પદ્ધતિઓ, વિષયલક્ષી અને વિશિષ્ટતાવાળી માહિતી પદ્ધતિનો સમાવેશ કરે છે તેની ચર્ચા કરે છે. એકમ-9 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ બંનેનું વર્ણન કરે છે જે સરકારી અને બીન સરકારી બંને પ્રકારની સંસ્થાઓનો સમાવેશ કરે છે. આ એકમમાં વર્ણવેલ બે અન્ય સંસ્થાઓ Chemical Abstract Service (CAS) અને MEDLARS છે. આ બંને તેમના અનુક્રમિક વિષયોના આંતરરાષ્ટ્રીય આવરણ સાથે રાષ્ટ્રીય નિયંત્રિત પદ્ધતિઓ છે જે, એક સદી અને MEDLARS ની બાબતમાં તેનાથી વધુ સમયથી ક્રિયાશીલ રહેવા પામેલ છે. તેઓ ફક્ત ઉપયોગની બાબતમાં લોકપ્રિય નથી પરંતુ તેઓ અનુક્રમે રસાયણ વિજ્ઞાન અને રસાયણિક પ્રૌદ્યોગિકી અને સમગ્ર વૈદિક વિજ્ઞાનમાં અત્યંત સુસંયોજિત સેવાઓ પૂરી પાડે છે. તેમ છતાં આ પદ્ધતિઓ એકમ-8માં ઊંડાણપૂર્વક વર્ણવેલ છે.

વિભાગ-3 માહિતી પેદાશો અને સેવાઓ (Information Products and Services)

વિભાગ-3 (એકમ 10 થી 13) માહિતી પેદાશો અને સેવાઓની વિશાળ શ્રેણી આવરી લે છે. તેમને તૈયાર કરવાની તકનીકો અને સાધનો અને આપવામાં આવતી વિવિધ સેવાઓનું ટૂંકમાં વર્ણન આપે છે.

એકમ-10 સાહિત્ય જે માહિતી પેદાશોની મુખ્ય શ્રેણી રહેવા પામેલ છે જે ઉપભોક્તા વારંવાર પ્રાપ્ત કરે છે તેની સાથે વ્યવહાર કરે છે. વૃતાંતપત્ર (Newsletter) સંસ્થાકીય સામયિકો (House Journals), વ્યાપારી બુલેટીન (Trade Bulletins) નજીકની ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિકા, તેમના લક્ષણો, કાર્યો, ICTની અસર, વાઙ્મયસૂચિત નિયંત્રણ વગેરે આપવાની સાથે વર્ણવેલ છે.

એકમ-11 માહિતીના દ્રઢિકરણ અને પુનઃરચના વિષય ઉપર વિગતવાર વર્ણન આપે છે જે સમીક્ષાઓ અને સંબંધિત પ્રકાશનો, સાંપ્રત પરિસ્થિતિ અહેવાલો (State of atr reports), વલણ અહેવાલો, ટેકનિકલ ડાયઝેસ્ટ જે વિશિષ્ટ રીતે ઉપભોક્તાની જરૂરિયાતલક્ષી હોય છે તેનો સમાવેશ કરે છે.

એકમ-12 ખાસ કરીને ICT ના સંદર્ભમાં સાહિત્ય શોધ સેવાઓ અને તકનીકી પૂછપરછ સેવાઓની ચર્ચા કરે છે. પ્રલેખ વિતરણ સેવાઓ (Document Delivery Services)ની સારવાર, તેનો ઉદ્‌ભવ, વૃદ્ધિ, નવા મોડેલ, ICTના સંદર્ભમાં પડકારો અને આ સેવામાં વિશિષ્ટીકરણ થયેલ સંસ્થાઓની યોગ્ય રીતે વ્યાપક માહિતી આપવામાં આવી છે. તેજ રીતે ભાષાંતર સેવાઓ અને મહત્ત્વ, સામ્પત્તિક સ્થિતિમાં તેનો વિકાસ, યાંત્રિક ભાષાંતર વગેરે સમજાવેલ છે. પ્રલેખ વિતરણ સેવાઓ અને અનુવાદ સેવાઓ ભારતીય સંદર્ભમાં પણ જોવામાં (આપવામાં) આવેલ છે.

એકમ-13 ગ્રંથાલય અને માહિતી સેવાઓનું કેટલીક જરૂરી તકનીકીઓ અને સાધનોના સંયોજન સંદર્ભમાં સંચાલન દર્શાવે છે. વિજાણું માહિતી સેવાઓ અને ખાસ કરીને ઉદ્ધરણ પૃથક્કરણ આધારિત સેવાઓ સ્વીકાર્ય ઊંડાણપૂર્વક વર્ણવામાં આવેલ છે.

વિભાગ-4 માહિતી સ્રોત તરીકે માહિતી મધ્યસ્થીઓ (Information Intermediaries as Sources of Information) આ વિભાગ તજજ્ઞો અને નિષ્ણાતો માહિતી પદ્ધતિઓની વિવિધતામાં સમાવિષ્ટ થતો ઘણો નોંધપાત્ર અને અપેક્ષિત સમૂહને માહિતીના આધારો તરીકે પરિચય કરાવે છે. આ આધાર

મોટેભાગે વચ્ચેથી માહિતી બહાર કાઢી લેતા નથી કારણ કે આ ઔપચારિક સંયોજિત માહિતી પદ્ધતિના સ્વરૂપનો ભાગ નથી. ઘણીવાર આ આધારોનો સંદર્ભ વ્યક્તિઓ જેઓ વિવિધ માહિતી પદ્ધતિઓ અને સેવાઓ ચલાવે છે, રચના કરે છે, વિકસાવે છે, સેવાઓ આપે છે અને ICT ને પ્રયોજિત કરે છે.

માહિતી મધ્યસ્થીઓએ વ્યક્તિઓ, પક્ષો, બિંદુઓ, તબક્કા, વસ્તુઓ વચ્ચેના બે છેડા અર્થાત્ ઉપભોક્તા અને ડેટાબેઝને મદદ અને સહાય કરવાના ઇરાદાથી એજન્ટો તરીકે વર્તે છે અને યોગ્ય સંપર્ક પ્રસ્થાપિત કરે છે. આ વિભાગ માહિતી પદ્ધતિઓના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ થતા છ પ્રકારના મધ્યસ્થી તરફ ધ્યાન દોરે છે. જ્યારે આ આધારો એ કેટલેક અંશે પડદો રાખેલ હોય છે ત્યારે તેનો ઉપયોગ જુદી જુદી પરિસ્થિતિના જ્ઞાન ઉપર આધારિત છે જેમાં મધ્યસ્થીઓ જેઓ આવશ્યક કૌશલ્ય, તજજ્ઞ અને અનુભવી છે તેમનો અસરકારક રીતે ઉપયોગ કરી શકાય છે. આ નિષ્ણાતોનો ઉપયોગ માહિતી માટ જે કદાચ કોઇ પ્રલેખીય સ્વરૂપે કોઇપણ રીતે પ્રાપ્ય ન હોય તે માટે જે રીતભાતથી સંપર્ક કરે છે તેના ઉપર આધારિત છે. વાસ્તવમાં તે આધાર પ્રાપ્ત કરવો અને ઉપયોગ કરવો પણ મુશ્કેલ હોઇ શકે છે. નિષ્ણાતો માટે તેમના પોતાના માન્ય કારણોને કારણે તેમનો આધાર તરીકે ઉપયોગ કરવાની ઇચ્છા ન પણ હોય. હજુ પણ તેઓ માહિતીના ક્ષેત્રો જે અત્યંત વિશેષજ્ઞતાવાળા હોય છે માટે ઘણી અમૂલ્ય અને અસરકારક આધારોની રચના કરતા હોય છે. જો નિષ્ણાતો તેમની તજજ્ઞતા અને કૌશલ્ય આપવા માટે પૂરતા પ્રમાણમાં સરભર કરી આપે અને પ્રોત્સાહિત કરી શકે તેવા હોય તો આ સ્રોત પુષ્કળ કિંમતી હોઇ શકે છે. આ વિભાગના છ એકમો (એકમ નં. 14 થી 19)જે આ પ્રકારના આધારો સાથે વ્યવહાર કરે છે જેનો ટૂંકો સારાંશ નીચે આપેલ છે.

એકમ-14 બે કક્ષાના નિષ્ણાતો ઉપર પ્રકાશ પાડે છે. પ્રથમ ગ્રંથાલય નિષ્ણાતો જે ગ્રંથાલયોમાં વિવિધ કાર્યકારી રચના અને વિકાસ, પ્રક્રિયાઓ અને સેવાઓનું સંચાલન કરે છે. બીજીકક્ષા વિશાળ વિવિધતાવાળા માહિતી વ્યવસાયિકોની છે જે રચના નિષ્ણાત છે અને એક અથવા બીજી રીતે માહિતી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. આ બંને જૂથ જ્યારે તેમની વિશેષતાવાળા ક્ષેત્રમાં કોઇપણ માહિતી ઊંડાણપૂર્વક જરૂરી હોય ત્યારે ઉપયોગી સ્રોત તરીકે સેવા આપી શકે છે. આ નિષ્ણાતોનાં કાર્યો અને પ્રવૃત્તિઓ તેમના અપેક્ષિત મૂલ્ય સાથે સમજાવવામાં આવી છે.

એકમ-15 એવા નિષ્ણાતોના જૂથની રજૂઆત કરે છે જેઓ સ્વયં સ્પષ્ટતા સાથે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન, ધંધાકીય પર્યાવરણ, સામાજિક અને આર્થિક વિકાસની વિવિધતા માટે પ્રશ્નોના ઉકેલ મેળવવા અને તેના જેવી બીજી સંખ્યાબંધ પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિકાસ કર્યો હોય. આવા જૂથો જે વિકાસ પામ્યા છે જેમાં માહિતી પરમાર્શક, ટેકનોલોજીકલ ગેટકોર્યસ, ઓનલાઈન વેન્ડર્સ, બ્લોક ડેવલપમેન્ટ અધિકારીઓ વગેરેનો સમાવેશ થાય છે. જુદા જુદા સંદર્ભમાં તેમની ભૂમિકા અને કાર્યો તેમની પાસે જે કૌશલ્ય છે તે દર્શાવી સમજાવેલ છે. તે પૈકીના કેટલાંક વાણિજ્ય પર્યાવરણમાં સક્રિય છે તે અને તેમની સેવાઓ માટે કિંમત લે છે. કેટલીક સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ છે. આ વિભાગના અન્ય એકમોમાં નોંધ્યા છે તે જૂથોથી જુદી રીતે આ જૂથો વધુ દશ્યમાન છે અને તુલનાત્મક રીતે સરળતાથી

પ્રાપ્ય છે અને ઊંચી ગુણવત્તાવાળી સેવાઓ મેળવી શકાય છે. ICT આધારિત મધ્યસ્થીઓ જેવા કે ઇન્ટરનેટ, માહિતી શુદ્ધીકરણ સોફ્ટવેર, નિષ્ણાત પદ્ધતિઓ અને વિજાણુ દલાલી (Electronic Brokerage) પણ સમજાવેલ છે. ભારતીય સંદર્ભમાં મધ્યસ્થીઓ જેવા કે ગેટ કિપર, માહિતી સલાહકારો અને વિસ્તરણ કાર્યકરો, તબીબી સહાયક વ્યવસાયિકોની તાત્કાલિક જરૂરિયાત નોંધપાત્ર છે.

એકમ-16 ડેટાબેઝની રચના કરનારા અને સંચાલક તરીકે કાર્ય કરનાર મધ્યસ્થીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ચર્ચાને યોગ્ય પરિપ્રેક્ષ્ય સાથે મૂકવા માટે માહિતી પદ્ધતિ અને ડેટાબેઝના અભિગમનું ટૂંકુ વર્ણન આપવામાં આવેલ છે. ડેટાબેઝની રચના અને પ્રક્રિયાઓમાં સંકળાયેલા જુદા જુદા વ્યક્તિઓને આ પ્રવૃત્તિમાં તેમના ભાગ સાથે ઓળખી કાઢવામાં આવેલ છે. માહિતી પદ્ધતિ વ્યવસાયિકોની કેટલીક કક્ષાઓની યાદી તેમના વિશિષ્ટ કાર્યોની સ્પષ્ટીકરણ સાથે આપવામાં આવી છે. આ મધ્યસ્થીઓની નિષ્ણાત વ્યક્તિઓ તરીકેની ભૂમિકા અને માહિતી પદ્ધતિના ઉપભોક્તાની તાલીમમાં તેમના મૂલ્ય ઉપર આ એકમમાં ખાસ ભાર મૂકવામાં આવેલ છે. નિઃશંકપણે આ મધ્યસ્થીઓ અત્યંત વિશિષ્ટ ક્ષેત્રોમાં જો વિવેક બુદ્ધિપૂર્વક ટકોર કરવામાં આવે તો માહિતીના કિંમતી સ્રોત તરીકે સેવા આપશે.

એકમ-17 ચોક્કસપણે ડેટાબેઝ મધ્યસ્થીઓ જેઓ ઉપભોક્તાઓને ડેટાબેઝ સાથે જોડે છે તેના ઉપર છે. ડેટાબેઝ આંતર મધ્યસ્થીઓની પ્રાથમિક ભૂમિકા ઉપભોક્તાની જરૂરિયાતનો જવાબ મેળવવા માટે શોધ પ્રશ્નમાં ભાષાંતર કરવાની છે. મધ્યસ્થીઓના એક શોધક, સંપાદક અને ઉપભોક્તા સાથે અન્યોન્ય ક્રિયા કરનાર તરીકેના જુદા જુદા કાર્યો સમજાવ્યા છે. ડેટાબેઝ મધ્યસ્થીઓના ભવિષ્ય ઉપર સ્પર્શ કરતાં વેબ મધ્યસ્થીઓને કમ્પ્યૂટેશનલ એકમ તરીકેની ભૂમિકા ટૂંકમાં ચર્ચા કરેલ છે. ટેકનોલોજીની પ્રગતિ હોવા છતાં ડેટાબેઝ મધ્યસ્થી તરીકે વ્યક્તિઓની ભૂમિકા માહિતીના કિંમતી આધાર તરીકે ચાલુ રહેશે.

એકમ-18 માહિતીના અપેક્ષિત અન્ય સ્રોતના સમૂહ અર્થાત્ મીડિયાના વ્યક્તિ સાથે વ્યવહાર કરે છે. મીડિયા એ લોકમત અને જાહેર નીતિને તેજ બનાવવા શક્તિશાળી સાધન પૈકીનું એક છે. સમૂહ માધ્યમ (Mass Media)નું સંચાલન કરતા વ્યક્તિઓ જેવા કે સમાચાર પત્રો અને સામયિકો, રેડિયો, ટેલિવિઝન વગેરેના કૌશલ્ય અને અનુભવને માહિતીના અપેક્ષિત સ્રોત તરીકે સમજાવ્યા છે. જાહેરાતો અને જનસંપર્ક મીડિયા સાથે અવિચ્છેદ્ય અને આંતરજોડાણ ધરાવે છે. બંને મીડિયાને ટકાવી રાખે છે. તેથી ઉલટું પણ સત્ય છે. જુદી જુદી કક્ષાના વ્યક્તિઓ ઓળખવામાં આવ્યા છે અને તેમનું સંદર્ભ મૂલ્ય પ્રકાશિત કરેલ છે.

એકમ-19 નિષ્ણાતોના બીજો સમૂહ જેઓ ટેકનોલોજી એજન્ટોનો ઉપયોગ કરીને બૌદ્ધિક એજન્ટ્સની રચના અને વિકસાવવાનું કાર્ય કરે છે તેની સાથે વ્યવહાર કરે છે. બૌદ્ધિક એજન્ટ એ મૈત્રી પૂર્ણ સ્વાયત્ત અથવા અર્ધસ્વાયત્ત સૉફ્ટવેર છે જે ઉપભોક્તા દ્વારા શીખી સક્રિય રીતે નિર્ણય લેવામાં અને બૌદ્ધિક રીતે ઉપભોક્તાને સહાય કરવામાં સક્ષમ છે. તે સ્વતંત્ર અથવા સહયોગી રીતભાત મુજબ

હોઈ શકે છે, એક યંત્ર ઉપરથી બીજા યંત્ર ઉપર હલન ચલન કરી શકે છે અને વિશાળ વૈવિધ્ય ધરાવતા કમ્પ્યૂટર પ્લેટફોર્મ ઉપર ચાલી શકે છે. બૌદ્ધિક એજન્ટો બે પ્રકારના ઉદ્યોગ બૌદ્ધિક એજન્ટ અને ઈન્ટરનેટ બૌદ્ધિક એજન્ટ છે. પ્રથમનો હેતુ વિવિધ ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં બૌદ્ધિક નિવેશ પૂરો પાડવાનો છે જ્યારે પછીનાનો માહિતીનો વધુ પડતો ભાર ઘટાડવાનો અને દિશાસૂચન અને પ્રાપ્તિની જટિલતા ઘટાડવાનો છે. બૌદ્ધિક એજન્ટના જુદા જુદા લક્ષણોનો સારાંશ તેના અર્થ સાથે સારણીમાં આપવામાં આવેલ છે. બધા બૌદ્ધિક એજન્ટો ટુરીંગ પરીક્ષણ (Turing Test) દ્વારા મૂકવામાં આવે છે. બૌદ્ધિક એજન્ટોને માનવીય શિખવાની કાર્યરીતિને અનુરૂપ વિવિધ કાર્યરીતિઓ દ્વારા શીખવા બનાવવામાં આવેલા છે. પાંચ પ્રકારના બૌદ્ધિક એજન્ટો પ્રકારના છે :

1. ઈ-મેઈલ એજન્ટ : ઉપભોક્તાના ઈ-મેઈલનું સંચાલન કરવા.
2. વેબ પરિવિક્ષણ એજન્ટ - ઈન્ટરનેટ ઉપર શોધની અસરકારકતા સુધારવા રચના કરેલ છે.
3. માહિતી એજન્ટો અર્થાત્ માહિતી પુનઃ પ્રાપ્તિ એજન્ટ અને માહિતનું સત્વ કાનાર એજન્ટ - અનુક્રમે પ્રલેખો શોધવા અને યાદી બનાવવાનું અમલમાં મૂકવાનું કાર્ય અને શિખવાની સક્ષમતા હોય છે.
4. વારંવાર પૂછતા પ્રશ્નોના એજન્ટો (FAQ) - વારંવાર પૂછતા પ્રશ્નોના જવાબ આપવા તેમની રચના કરવામાં આવેલ છે.
5. વેબ ખાણ એજન્ટ (Web Mining Agent) - વેબ સાઈટ્સની વિષયવસ્તુમાં છૂપાયેલી કિંમતી માહિતી વેબ સાઈટમાંથી શોધી કાઢે છે.

વિખરાયેલા એજન્ટો એ બૌદ્ધિક એજન્ટનો સમૂહ છે જે મોટા પ્રશ્નોના જવાબ આપવા નેટવર્ક સંસાધન દ્વારા જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં આવેલા છે. તેમની રચના અને કાર્યો ટૂંકાણમાં સમજાવેલા છે. મોબાઈલ એજન્ટો એવા એજન્ટો છે કે જે અસમાન લક્ષણો ધરાવતા નેટવર્ક પર્યાવરણના યંત્રમાંથી હલનચલન કરી કોઈપણ યંત્ર ઉપર અમલમાં મૂકવા સક્ષમ છે. થોડાક બૌદ્ધિક એજન્ટો જેવા કે લખેલા સંદેશ એજન્ટ (Typed Message Agents)નું ટૂંકાણમાં વર્ણન કરેલ છે. એજન્ટ ટેક્નોલોજીનો વિકાસ ફક્ત કૃત્રિમ બુદ્ધિ ટેક્નોલોજીમાંથી થયો નથી પરંતુ વિખરાયેલ ગણતરી કરનાર (Computing) અને ડેટાબેઝ, ડેટાબેઝ રચના અને નેટવર્ક ટેક્નોલોજીમાંથી વ્યાપક રીતે લેવામાં આવેલ છે. આ તમામ એકમમાં સરળતાથી સમજાય તે માટે ટૂંકાણમાં રજૂ કરવામાં આવેલ છે. જે વ્યક્તિઓ કૃત્રિમ બુદ્ધિ સાથે સંકળાયેલા છે તેઓ અપેક્ષિત સ્રોત છે જેઓ અસાધારણ નિષ્ણાતના સમૂહની રચના કરે છે.